આજનો સુવિચાર
દરેકની આંખો સરખી હોય છે પણ જોવાની દ્રષ્ટી અલગ અલગ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૪ જૂનાગઢ તા.૦૩-૦૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 44, Junagadh : Date : 03 February, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# લાલકૃષ્ણ અડવાણી ભારત રત્નથી સન્માનીત

## વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડીયા પર જાતે જ માહિતી આપી



નવી દિલ્હી તા. ૩

ભાજપનાં વયોવૃધ્ધ વરીષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાતે જ સોશિયલ મીડીયા પર આ જાણકારી આપી હતી. વડાપ્રધાન મોદીએ આ માહિતી આપતા પહેલા એલ. કે. અડવાણી સાથે મુલાકાત કરી વાતચીત કરી હતી અને તેમને ભારત રત્નથી સન્માનીત કરવાની વાત જણાવી હતી. અને સોશિયલ મીડીયા હેન્ડલ એકસ પર આ અંગે એક પોસ્ટ પણ મુકી હતી જેમાં વડાપ્રધાને ભારતનાં વિકાસમાં અડવાણીનું મોટું યોગદાન હોવાનું જણાવ્યું હતું. વડાપ્રધાનો કહયું કે, મને એ જણાવતા આનંદ થાય છે કે, શ્રી એલ. કે. અડવાણીનો ભારત રત્નથી સન્માનીત કરવામાં આવશે. મેં તેમની સાથે વાત કરી અને તેમને આ ખિતાબથી સન્માનીત કરવામાં આવી રહયા હોવા અંગે અભિનંદન પાઠવ્યા હતા. તેઓ આપણા સમયનાં ખુબજ સન્માનીય વ્યકિત છે. દેશનાં વિકાસમાં તેમનું યોગદાન એક સીમાચીહ્ન રૂપ છે. તેમણે દેશ સેવાનું કાર્ય ગ્રાઉન્ડ લેવલથી શરૂ કર્યુ હતું અને ભારતનાં નાયબ વડાપ્રધાન તરીકે તેમજ તત્કાલીન માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે યોગદાન અમુલ્ય હતું.તેમની સંસદીય કાર્યપધ્ધતિ ખૂબજ દિર્ઘ દ્રષ્ટીવાળી અને દ્રષ્ટાંતરૂપ રહી છે તેમ મોદીએ સોશિયલ મીડીયામાં જણાવ્યું હતું.

## હાઈવે પર ટ્રક - ટેકસી ડ્રાઈવરો માટે ૧૦૦૦ આરામગૃહ બનાવાશે

નવી દિલ્હી તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત મોબિલિટી ગ્લોબલ એકસપોમાં ટ્રક અને ટેકસી ડ્રાઈવરો માટે મોટી જાહેરાત કરી હતી. વડાપ્રધાને કહ્યું કે ટ્રક અને ટેકસી ચલાવનારા ડ્રાઈવરો આપણી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો અભિન્ન અંગ છે. ઘણીવાર આ ડ્રાઈવરો કલાકો સુધી સતત ટ્રક ચલાવે છે. તેમની પાસે આરામ માટે સમય હોતો નથી.

કેન્દ્ર સરકારે મુસાફરી દરમિયાન ડ્રાઈવરોને આરામ આપવા માટે નવી યોજના પર કામ શરૂ કર્યું છે. આ યોજના હેઠળ તમામ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ડ્રાઈવરો માટે નવી સુવિધાઓ સાથે આધુનિક ઈમારતોનું નિર્માણ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૦૦૦ આધુનિક રેસ્ટ હાઉસ બનાવવામાં આવશે.

## પાકિસ્તાનામાં ન્યુમોનિયાને કારણે ૩૦૦ બાળકોનાં મોત

કરાંચી,તા.૩ઃ પાડોશી દેશ પાકિસ્તાનમાં જાહેર આરોગ્ય વ્યવસ્થા પડી ભાંગી છે. બાળકોમાં રોગચાળો ફેલાતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થિતિ એવી છે કે એક જ મહિનામાં એક રાજયમાં લગભગ ૧૮,૦૦૦ બાળકો બીમાર પડ્યા છે, જયારે તેમાંથી ૩૦૦ના મોત થયા છે. પાકિસ્તાનના પ્રખ્યાત અખબાર ડોનના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર જાન્યુઆરી મહિનામાં જ પૂર્વ પંજાબમાં ન્યુમોનિયાના કારણે લગભગ ૩૦૦ બાળકોના મોત થયા છે, જયારે ૧૮,૦૦૦થી વધુ બાળકો આ રોગનો ભોગ બન્યા છે.

આરોગ્ય સંકટને ધ્યાનમાં રાખીને, પ્રાંતીય સરકારે શાળાની રજાઓ લંબાવી છે, વર્ગના કલાકો ઘટાડી દીધા છે અને ફેસ માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યું છે. યુનિસેફ અનુસાર, બાળપણમાં ન્યુમોનિયાથી થતા મૃત્યુમાંથી લગભગ અડધા વાયુ પ્રદૂષણ સાથે સંકળાયેલા છે.

## JMM અને કોંગ્રેસના તમામ ધારાસભ્યો ચાર્ટર્ડ પ્લેન દ્વારા હૈદ્રાબાદ પહોંચ્યા

રાંચી તા. ૩

રાંચીમાં ચાલી રહેલા રાજકીય ડ્રામા વચ્ચે JMM અને કોંગ્રેસના તમામ ધારાસભ્યો ચાર્ટર્ડ પ્લેન દ્વારા હૈદરાબાદ પહોંચી ગયા છે. એરપોર્ટ પર પહોંચ્યા પછી, તમામ ધારાસભ્યો બે બસમાં સવાર થયા અને સીધા હૈદરાબાદના સમીરપેટ સ્થિત લિયોનિયા રિસોર્ટ્સ માટે રવાના થયા. તમામ ધારાસભ્યો ૫ ફેબ્રુઆરીની સવારે સ્પેશિયલ ફલાઈટ દ્વારા હૈદરાબાદથી રાંચી આવવા રવાના થશે.

## લીંબડી - અમદાવાદ હાઈવે પર ખાનગી ટ્રાવેલ્સની બસ - ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત : બેનાં મોત

સુરેન્દ્રનગર તા. ૩

લીંબડી - અમદાવાદ હાઈવે ઉપર ખાનગી ટ્રાવેલ્સ બસ અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો છે. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં ૨૦થી વધુ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. આ અકસ્માતની ઘટનાની જાણ થતાં લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે દોડી જઈ અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ લીંબડી મોડલ સ્કૂલ નજીક અકસ્માતમાં પણ એકનું મોત નીપજ્યું છે. જેમાં લીંબડી પોલીસ ઘટનાસ્થળે પહોંચી બે કલાકની મહેનત કરી ડેડ બોડી બહાર કાઢીને હોસ્પિટલ ખસેડી છે. લીંબડી અમદાવાદ હાઈવે ઉપર જનશાળી પાટીયા નજીક આ ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં બે લોકના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા અને ૨૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા. ઘટનાની જાણ કરતાં લીંમડી પોલીસ અને પાંચ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. આ અકસ્માતને ણગલે લીંબડી અમદાવાદ હાઈવે ઉપર ટ્રાફિક જામ સર્જાયો હતો અને હાઈવેની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી હતી.

## મધ્ય પૂર્વમાં વધુ એક જંગ ભડકી : અમેરીકાએ સિરીયા - ઈરાક પર બોંબમારો કર્યો : ૧૮નાં મોત

વોશીંગ્ટન,તા. ૩ઃ

રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધો હજુ પૂરા થયા નથી કે અમેરિકાએ પણ યુદ્ધ શરૂ કરી દીધું છે. તેણે ઈરાન પાસેથી બદલો લેવાનું શરૂ કરી દીધું છે. આ યુદ્ધ લાંબા સમય સુધી ચાલે તેવી શકયતા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને શુક્રવારે ઈરાક અને સીરિયામાં આતંકવાદી જૂથોને કડક ચેતવણી આપી હતી. આ જૂથોએ યુએસ અને તેના સાથીઓ પર છૂટાછવાયા પરંતુ સતત હુમલા કર્યા છે જોર્ડન હુમલાના જવાબમાં, અમેરિકાએ સીરિયા અને ઈરાકમાં ૮૫ લક્ષ્યો પર બોમ્બમારો કર્યો છે, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા છે. યુએસ સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેના યુદ્ધ વિમાનોએ શુક્રવારે ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ (આઈઆરજીસી) અને ઈરાક અને સીરિયામાં તેમના સમર્થિત મિલિશિયાના ૮૫ થી વધુ લક્ષ્યો પર જવાબી હવાઈ હુમલા કર્યા હતા. અમેરિકી સેનાએ ખાસ કરીને ઈરાનની કુદ્દસ ફોર્સને નિશાન બનાવી છે.

જોર્ડનમાં થયેલા ઘાતક હુમલામાં ત્રણ અમેરિકી સૈનિકો માર્યા ગયા અને ૪૦થી વધુ લોકો ઘાયલ થયા. આ પછી, અમેરિકી સેનાએ માહિતી આપતાં કહ્યું કે, શુક્રવારે અમેરિકાએ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ અને ઈરાક અને સીરિયામાં તેમના સમર્થિત મિલિશિયાના ૮૫ થી વધુ લક્ષ્યો પર જવાબી હવાઈ હુમલા કર્યા છે. જો કે, યુએસ સ્ટ્રાઈકમાં ઈરાનની અંદર કોઈ સ્થાનને નિશાન બનાવવામાં આવ્યું ન હતું.

## અજાણ્યા કોલનાં ત્રાસથી હવે મુકિત મળશે

નવીદિલ્હી,તા.૩

શું તમે અજાણ્યા નંબરથી આવતા કોલથી પરેશાન છો? તો તેનો રસ્તો હવે ટ્રાઈએ કાઢયો છે.ટ્રાઈ (ટેલીકોમ રેગ્યુલેટરી બોથોરિટી ઓફ ઈન્ડિયા)એ ડીએમડી એપ રજૂ કરી છે. જેની મદદથી આ સમસ્યા દુર થઈ જશે.આ એપ અજાણ્યા નંબરો પરથી આવતા તમામ કોલ અને મેસેજને સંપૂર્ણપણે બ્લોક કરી શકે છે.

TRAI એ પોતાની DND એપના નવા વર્ઝનમાં ઘણા ફેરફારો કર્યા છે, જેનો ફાયદો યુઝર્સને થશે. ખરેખર, પહેલા આ એપમાં ઘણા બગ્સ હતા, જેના કારણે યુઝર્સને તેનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડતી હતી, પરંતુ હવે સરકારે આ એપના તમામ બગ્સને ઠીક કરી દીધા છે.

## ભાજપનું મિશન જૂનાગઢ : પાટીલની ઉપસ્થિતિમાં ભૂપત ભાયાણી - અરવિંદ લાડાણી ભાજપમાં જોડાયા

જૂનાગઢ તા. ૩

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ આજે જૂનાગઢની મુલાકાતે આવ્યા હતા અને જૂનાગઢ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ભાજપનું મિશન-જૂનાગઢ અંતર્ગત આમ આદમી પાર્ટીમાંથી રાજીનામુ આપનાર વિસાવદરનાં ભૂતપુર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી અને કેશોદનાં ભૂતપૂર્વ ધારાસભ્ય અરવિંદ લાડાણી તેમના સમર્થકો સાથે આજે ભાજપમાં જોડાયા હતા. સી.આર. પાટીલે આ તકે કાર્યકરોને સંબોધન પણ કર્યુ હતું.

## તોડબાઝ તરલ ભટ્ટને જૂનાગઢ સેશન્સ કોર્ટમાં રજુ કરાયો પોલીસે મીડીયાથી છુપાવતા અનેક તર્ક - વિતર્ક



જૂનાગઢ તા. ૩

જૂનાગઢ અને અમદાવાદનાં તોડકાંડમાં સંડોવાયેલા માણાવદરનાં સસ્પેન્ડેડ સર્કલ પોલીસ ઈન્સ્પેકટર તરલ ભટ્ટની એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ આજે તરલ ભટ્ટને ટ્રાન્સફર વોરંટનાં આધારે જૂનાગઢની સેસન્સ કોર્ટમાં રજુ કરવામાં આવેલ. જો કે, તરણ ભટ્ટને રજુ કરવામાં આવ્યો ત્યારે જડબેસલાક બંદોબસ્ત સાથે મીડીયા કર્મીઓને પણ દુર રાખવામાં આવ્યા હતા જેના કારણે મીડીયા કર્મીઓમાં ભારે ચર્ચા જાગી હતી.

તરલ ભટ્ટની ધરપકડનાં ૨૪ કલાક બાદ પણ મીડીયા પાસે તેમનો એક પણ ફોટો નથી. સામાન્ય રીતે પોલીસ દ્વારા જયારે કોઈ આરોપીની ધરપકડ કરવામાં આવે છે ત્યારે પોલીસ ખૂદ જ મીડીયા કર્મીને બોલાવીને આરોપી સાથે ફોટો સશન કરાવતી હોય છે પરંતુ તરલ ભટ્ટનાં કિસ્સામાં પોલીસે તેની સામાન્ય પ્રણાલીથી વિપરીત તરલ ભટ્ટનાં ચહેરાને છુપાવાનો પ્રયાસ કર્યો હતો જેથી એવી છાપ ઉભી થઈ હતી કે, તરલ ભટ્ટ સમગ્ર પોલીસ ફોર્સનું નામ બદનામ કર્યુ છે ત્યારે તેને બચાવવાનો શા માટે પ્રયાસ થઈ રહયો છે ? ચકચારી તોડકાંડમાં તરલ ભટ્ટની ઉલટ તપાસમાં અનેક રહસ્યનો પર્દાફાશ થશે તેવી ધારણા છે ત્યારે તરલ ભટ્ટને મીડીયાથી છુપાવવાના પ્રયાસે અનેક તર્ક - વિતર્ક સર્જી દીધા છે.

## મહારાષ્ટ્રનાં ઉલ્લાસનગરમાં જમીન વિવાદમાં ભાજપનાં ધારાસભ્યએ શિંદે જૂથનાં ધારાસભ્ય પર ૬ રાઉન્ડ ફાયરીંગ કર્યુ : ગંભીર

મુંબઈ તા. ૩

મહારાષ્ટ્રના ઉલ્હાસનગરમાં જમીનવિવાદને લઈને ભાજપના ધારાસભ્ય ગણપત ગાયકવાડ અને તેમના એક સહયોગીએ શિંદે જૂથના નેતા મહેશ ગાયકવાડને પોલીસ સ્ટેશનની અંદર ગોળીઓ મારી દીધી હતી. બંને શુક્રવારે સવારે ૧૦ વાગે હિલલાઈન પોલીસ સ્ટેશને એકબીજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતા. જ્યાં પહેલા ચર્ચા થઈ અને પછી ચર્ચા વિવાદમાં બદલાઈ હતી. આ દરમિયાન ગણપતે ઈન્સ્પેકટરની સામે મહેશ ગાયકવાડ પર ૬ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. પોલીસે આરોપી ધારાસભ્યને કસ્ટડીમાં લીધા છે. આજે એટલે શનિવારે (૩ જાન્યુઆરી) સવારે ધારાસભ્ય સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

મહેશ અને ગણપત જમીનવિવાદ ઉકેલવા માટે પોલીસ સ્ટેશન ગયા હતા. જ્યારે તેઓ પોલીસ અધિકારી સાથે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે ભાજપના ધારાસભ્ય ગણપત ગાયકવાડ અને તેમના સહયોગીએ મહેશ ગાયકવાડ પર ચાર ગોળી ચલાવી હતી, જેમાંથી બે મહેશ ગાયકવાડ અને બે તેમના મિત્ર રાહુલ પાટીલને વાગી હતી. પોલીસ સ્ટેશનમાં હોબાળો મચી ગયો હતો. પોલીસે તરત જ આરોપી ધારાસભ્યને કસ્ટડીમાં લીધા હતા. આ પછી ઘાયલ ગાયકવાડ અને પાટીલને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## વિશ્વનાં અનેક શહેરો ધારણા કરતા વહેલા સમુદ્રમાં ડુબી જવાનું જોખમ

વોશિંગ્ટન,તા.૩

વિશ્વભરમાં અનેક ભાગો-શહેરો અનુમાન કરવા પણ ઘણી ઝડપે જમીનની નીચે સરકી રહ્યા છે અને ધારણા કરતા વ્હેલા ડુબી જવાનું જોખમ હોવાનો ચોંકાવનારો રિપોર્ટ જારી થયો છે.

અમેરિકાની રોડ આઈલેન્ડ યુનિવર્સિટી તથા ભુગર્ભ વિજ્ઞાન વિભાગના સંયુક્ત સંશોધનમાં ચોંકાવનારા તારણો નીકળ્યા છે. રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે સંખ્યાબંધ શહેરો ડુબવા પાછળનુ કારણ જળવાયુ પરિવર્તનથી સમુદ્રની વધતી સપાટી જ નથી પરંતુ શહેરો પોતાના જ બોજથી નીચે જમીનમાં સરકી રહ્યા છે. જમીન ધસી રહી છે. સમુદ્રના વધતા જળસ્તરથી આવનારા ૫૦ વર્ષોમાં અનેક શહેરો ડુબી જવાનું અનુમાન અગાઉ જ જાહેર થઈ ચુકયુ છે પરંતુ નવા અધ્યયનમાં એવો ખુલાસો થયો છે કે અનેક શહેરોની ડુબવાની રફતાર સમુદ્રી સપાટીમાં વધારા કરતા પણ વધુ છે તેનો અર્થ એવો થાય છે કે જમીન પણ ધસી રહી છે.


વૈજ્ઞાનિક-સંશોધકો દ્વારા દુનિયાના સમુદ્રકાંઠાના ૯૯ શહેરોનો અભ્યાસ કરીને આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે તેમાં કહેવાયુ છે કે જમીનમાં નીચે સરકવાની જુદા-જુદા શહેરોની રફતાર અલગ-અલગ છે. ઉદાહરણ તરીકે ભુગર્ભજળ સુકાઈ જવાથી ઈન્ડોનેશિયાના જાકાર્તાની જમીન બહુ તેજ ગતિએ ધસી રહી છે. અન્ય શહેરો પણ અનુમાન કરતા વ્હેલા ડુબી જાય તેવું જોખમ છે.

હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

દેશી ઘાણીનું શુધ્ધ સીંગતેલ ૧૦૦% ગેરેંટીવાળુ
ઘનશ્યામ મીની ઓઈલ મીલ
જૂનાગઢ જીલ્લો, ગામ : પ્લાસવા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
શુદ્ધતા નો સ્વાદ એટલે...
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક્સ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

CMYK

# જૂનાગઢમાં શીતળા માતાજીના મંદિર નજીક કુવામાં ૨૦થી વધુ માછલીના મોત





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ કોર્પોરેશનના વિસ્તારમાં અતિ પ્રાચીન શીતળા માતાના મંદિર નજીક આવેલા કૂવામાંથી ૨૦ કરતાં વધુ મોટા માછલાઓના કોઈ કારણોસર મોત થયા છે જેને લઈને પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ આ વિસ્તારના સ્થાનિક કોર્પોરેટરો સામે પણ લોકોમાં ભારે રોષ જોવા મળે છે. સ્થાનિક કોર્પોરેટર હિતેશ ઉદાણીએ પણ માછલાના મોતને લઈને કોર્પોરેશન તંત્રમાં જાણ કરી હતી પરંતુ ભાજપના આ કોર્પોરેટરનું મનપામાં જરા પણ ઉપજતું ન હોય તેવું પણ સામે આવ્યું હતું. મૃત માછલાઓને કૂવામાંથી દૂર કરવા માટે મંદિરમાં સેવા પૂજા કરતા યુવાન અને આસપાસમાં રહેતા શહેરીજનોએ ભારે જહેમત બાદ મરેલા માછલાઓને બહાર કાઢવામાં સફળતા મળી હતી. જૂનાગઢના શીતળા મંદિર નજીક આવેલ અતિ પ્રાચીન શીતળા કુંડમાં માછલીઓના મોત થયા છે પરંતુ અહીં ખૂબ મોટા પ્રમાણમાં જળચર કાચબાઓ પણ છે સદ નસીબે કાચબાના મૃતદેહ હાથ લાગ્યા નથી પરંતુ જૂનાગઢ મનપાના સતાધીશો અને સ્થાનિક કોર્પોરેટરો આ વિસ્તારના લોકોની સમસ્યાને નજર અંદાજ કરી રહ્યા છે પરંતુ અબોલા જીવને બચાવવા માટે પણ આ વિસ્તારનો એક પણ કોર્પોરેટર આવ્યો ન હતો જેને લઈને પણ લોકોમાં ભારે રોષ જોવા મળે છે.

# લોહાણા મહાપરિષદ જૂનાગઢ મહિલા સમિતી તથા આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા બ્રેસ્ટ કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન

જૂનાગઢ તા.૩

લોહાણા મહાપરિષદ જૂનાગઢ મહિલા સમિતી તથા આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા બ્રેસ્ટ કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ કેન્સર દિવસ નિમિતે તા. ૪ ફેબ્રુઆરીને રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાકે રેડક્રોસ હોલ આઝાદ ચોક જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. શ્રી લોહાણા મહાપરિષદ મહીલા સમીતી અધ્યક્ષ અને ટ્રસ્ટી રશ્મિબેન વીઠ્લાણીના નેજા નીચે કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમના વક્તા પ્રો. સ્કુલ ઓફ ફાર્મસી, ડો. સુભાષ યુનિ. ખ્યાતિબેન ભુપ્તા તેમજ ડો. વર્ષાબેન રાદડીયા માર્ગદર્શન આપશે. આપણી આ તણાવગ્રસ્ત જિંદગીમાં આપણને આપણા વિશે વિચારવાનો લગભગ નહિવત સમય મળે છે અને આપણા સ્વાસ્થ્યની નાની મોટી વાતો ઉપર આપણે ધ્યાન નથી આપતા.

આ નાની મોટી વાતો ક્યારે બહુ મોટી થઈ જાય એ ખબર પડતી નથી અને આપણામાંથી બહુ ઓછા લોકો જાણે છે કે આપણા સ્વાસ્થ્ય પર જો સૌથી વધારે કોઈ અસર કરતું હોય તો એ છે આપણી માનસિકતા. તો આવો આ સેમિનારમાં આપણે જાણીએ કે આપણી તથા આપણા કુટુંબીજનોની માનસિકતા કેવી રીતે અસર કરીને આપણને બ્રેસ્ટ કેન્સર સુધી પહોચાડે છે અને એને કેવી રીતે બદલીને આ વ્યાધિ થી બચી શકાય? આ કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા મહાપરિષદ ઝોનલ અધ્યક્ષ જૂનાગઢ પુજાબેન કારીયા તેમજ સેક્રેટરી અલ્પાબેન ઉનડકટ જહેમત ઉઠાવી રહ્યા છે.

# કેશોદના સેવાભાવી યુવાને કેન્સર પીડિત દર્દી માટે મુંડન કરાવી વાળનું દાન કર્યુ

## કાર્તિક જોશીએ ૩૫ વખત રકતદાન કરેલું છે તથા ચક્ષુદાન કરવાની જાહેરાત



(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૩

કેશોદના જોષી પરિવારના નિવૃત કર્મચારી એચ.એચ.જોશી તથા મંજુલાબેનના સેવાભાવી સુપુત્ર કાર્તિક એચ. જોશી ૩૩ વર્ષની ઉંમરે અનેક સેવાકાર્ય કરી પરિવારનુ નામ રોશન કરી રહ્યો છે. તાજેતરમાં કાર્તિક જોશીએ કેન્સર પીડિત દર્દીઓ માટે વાળનું દાન કરવા માટે છેલ્લાં ત્રણ વર્ષથી વાળ કપાવ્યા ન હતા એ વધારેલ વાળ હૈદ્રાબાદ ખાતે આવેલી હેર ડોનેશન ફોર કેન્સર પેશન્ટ નામની સંસ્થાને મોકલી આપેલ છે. કાર્તિક ભાઈએ આવડી ઉંમરમાં પાંત્રીસથી વધુ વખત રક્ત દાન કરી રક્ત દાન મહાદાન ઉક્તિને ખરાં અર્થમાં સાર્થક કરી છે. વધુમાં કાર્તિક ભાઈએ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા નોટોમા પોતાની આંખોને દાનમાં આપવા માટે નોંધણી કરાવેલ છે. તેમની બે આંખોથી બે લોકોના જીવનમાં રોશની થાય એ એમના જીવનનુ સૌથી સુખમયી કાર્ય કરી હર્ષની લાગણી અનુભવી રહ્યા છે. આટલી નાની ઉંમરમાં આવડી મોટી પરોપકારી સેવાકાર્ય સમજ ધરાવવા બદલ પરિવાર ગર્વની લાગણી અનુભવી રહ્યા છે. કાર્તિક ભાઈ માંગરોલ ખાતે તાલુકા પંચાયતના જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવી રહેલા છે. કેશોદ બ્રહ્મસમાજનાં કાર્તિકભાઈ એચ. જોષીએ પ્રેરણાદાયી સેવાકીય કાર્ય કરવા બદલ ગૌરવની લાગણી સાથે કેશોદ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ રાજુભાઈ પંડ્યા એ અભિનંદન આપ્યા હતા. આજના યુગમાં યુવાનો ધાર્મિક શાસ્ત્રોક્ત વિધિ માં પણ મુંડન કરાવવાનું ટાળે છે ત્યારે કાર્તિકભાઈ એચ. જોષીએ કેન્સર પીડિત દર્દી માટે મુંડન કરાવી ત્રણ વર્ષ થી સાચવેલા વાળનું દાન કરી પ્રેરણાદાયી કાર્ય કરેલ છે.

# માંગરોળ તાલુકાના લોએજ ગામે નંદાણિયા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના લોએજ ગામમાં તા.૨-૨-૨૦૨૪ને શુક્રવાર, પોષ વદ સાતમના રોજ સ્વ.અમીબેન મારખીભાઈ નંદાણિયાનું દુઃખદ અવસાન થયેલ છે, જેઓ ભીમાભાઈ મારખીભાઈ નંદાણિયા, પરબતભાઈ મારખીભાઈ નંદાણિયા, ગોવિંદભાઈ મારખીભાઈ નંદાણિયા તથા હરદાસભાઈ મારખીભાઈ નંદાણિયાના માતૃશ્રી થાય છે. આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.અમીબેનના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી લોએજ ગામના અગ્રણી મસરીભાઈ બામરોટીયાએ શિવમ ચક્ષુદાનને જાણ કરતા, અધ્યારૂ હોસ્પિટલમાં ફરજ બજાવતા હરદિપસિંહ જેઠવાએ મૃતકના બન્ને ચક્ષુ લઈ ડો.થાનકીની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ, જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. આ ચક્ષુદાનનો સ્વિકાર વાસાભાઈ જોટવા અને પરેશભાઈ ઘેરવડા દ્વારા કરવામાં આવ્યો હતો. નંદાણિયા પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.અમીબેનને શ્રધ્ધાંજલી અર્પે છે.

# માંગરોળમાં પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના હેઠળ બે લાખનો ચેક SBI બેંક મેનેજર હસ્તે વારસદારને અર્પણ કરાયો



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શેખપુર ગામના વતની અકબરભાઈ હારુનભાઈ ખેબરે ૨૦૨૩ માં તેમની પત્ની ઝુબેદાબેનનો વર્ષીક ૨૦ રૂપિયા પ્રિમિયમનો પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના અંતર્ગત SBI બેંક લીમડાચોક બ્રાન્ચમાં બે લાખનો વિમો કરાવેલ હતું. સંજોગે ઝુબેદાબેન એજ વર્ષે અકસ્માતે મૃત્યું પામતા બેંક દ્વારા સરકારમાંથી વિમાનો કલેમ્પ પાસ કરાવી રૂપિયા બે લાખનો ચેક SBI બેંક મેનેજર દિપક ચૌદરીના હસ્તે મૃતકના વારસદારને અર્પણ કરાયું હતો.

# પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૧૦૮ ઈમરજન્સી ટીમ

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના લીંબડી ગામ પાસે આજરોજ એક મોટરકાર પલટી ખાઈ જતા તેમાં બેઠેલા પાંચ જેટલા મુસાફરો ઘવાયા હતા . જેમાં ખંભાળિયા રામનગરની ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાં ૧૦૮નો સ્ટાફ આ સ્થળે દોડી ગયો હતો. દર્દીઓ પાસેથી તેઓની રોકડ સહિતનો કિંમતી કુલ મુદામાલ રૂા.૭૦,૦૦૦નો ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં સોંપીને પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું હતું.


## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : હરેશભાઈ લક્ષ્મીદાસ ગઢેચા તે ભરતભાઈ સ્વ. રમેશભાઈના નાના ભાઈ તથા મનોજભાઈના મોટાભાઈ તથા હિરેનભાઈ (p.m આંગડિયા માંગનાથ રોડ)ના પિતાશ્રી તથા દળવી નિવાસી સ્વ. તુલસીભાઈ દેવચંદભાઈ કાછેલાના જમાઈ તા.૨-૨-૨૦૨૪ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૩-૨-૨૦૨૪ શનિવારના રોજ સાંજે ૪થી ૫ વાગ્યે ઝાંઝરડા રોડ, સિધ્ધનાથ મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

વેરાવળ : વેરાવળ નિવાસી શ્રીગોડ મેડતવાડ બ્રાહ્મણ સ્વ.લાભકુવરબેન ઉમિયાશંકર ઉપાધ્યાય(ઉંમર વર્ષ-૮૪) તે સ્વ. હરિલાલ ભટ્ટના ધર્મપત્ની જે વિનોદભાઈ(ભુજ) ભરતભાઈ(મૌલિક પ્રિન્ટિંગ પ્રેસ)તથા વર્ષાબેનના માતા, ચંદ્રીકાબેન, હેમાગીનીબેન તથા બિપીનકુમાર ઉપાધ્યાયના સાસુ તથા મૌલિક, ગૌતમ, કોમલ તથા મૃગાનીના દાદીમાંનું તથા ચિંતન તથા મેઘનાના નાનીમાંનું તા.૨-૨-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું આજ તા.૩-૨-૨૦૨૪ને શનિવારે સાંજે ૪ થી ૫ બિલેશ્વર મંદિર, શિક્ષક કોલોની, વેરાવળ રાખેલ છે.

## જંગલખાતાની સરાહનીય કામગીરી

# બિલખાના વિરપુર દરવાજા પાસેના રહેણાંક વિસ્તારમાંથી જંગલખાતાએ દિપડો પકડતા રાહત



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા) બિલખા તા.૩

છેલ્લા ઘણા સમયથી બિલખાના રહેણાંક વિસ્તારમાં દિપડા આવતા હોય લોકોમાં ફફડાટની લાગણી જોવા મળે છે. બિલખાના વિરપુર દરવાજા પાસેના રહેણાંક વિસ્તારમાં પણ ઘણા સમયથી દિપડો જોવા મળતો હતો. તેની ફરિયાદ જંગલખાતાને કરવામાં આવતા તાબડતોડ એ વિસ્તારમાં પાંજરૂ મુકવામાં આવ્યું હતું. આરએફઓ મયાત્રા, રણસીવાવ ફોરેસ્ટર એ.પી. ડોકલ અને ટ્રેકર સાફીનભાઈ બ્લોચે કડી મહેનત કરતા આ દિપડો પાંજરે પુરાયો હતો. જેને લીધે આ વિસ્તારના લોકોમાં રાહત અને આનંદની લાગણી જોવા મળે છે.

# છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લીધો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૩

જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં ગુનામાં નાસતો ફરતો આરોપી ભરત ઉર્ફે ટકો જીગ્નેશભાઈ ટપુભાઈ રહે. વાડલા ફાટક પાસે ઝુપડામાં ચોરીના ગુનામાં નાસતો ફરતો હોય જે હાલ પોરબંદર જીલ્લાનાં રાણાવાવ તાલુકામાં હોય તે બાતમીના આધારે પોલીસે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસને હવાલે કરેલ છે.

આ કામગીરીમાં લોકલ ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલ, વાય.પી. હડીયા, ઉમેશભાઈ વેગડા, પુનાભાઈ હુણ, દિનેશભાઈ છૈયા, પ્રતાપસિંહ કેશોદા, સેજલબેન આલાભાઈ, રાણાવાવનાં વિજયભાઈ ભુતીયા વગેરે જોડાયેલ હતાં.

# આત્મા પ્રોજેકટ ગાંધીનગર દ્વારા કૃષિ પરીસંવાદ યોજાયો






(પ્રતિનિધિ દ્વારા) વિસાવદર તા.૩ : આત્મા પ્રોજેક્ટ ગાંધીનગર દ્વારા મુ.ભાલોદ, તા.માણસા ખાતે પ્રાકૃતિક કૃષિ અભિયાનના રૂપે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું ઉમિયા વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, માણસા અને કલોલના પદાધિકારીઓ તથા આત્મા વડી કચેરી, જીલ્લા કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા પંચાયત ખેતીવાડી અને બાગાયતની કચેરીના અધિકારીઓની ઉપસ્થિતિમાં બહોળી સંખ્યામાં કલોલ અને માણસા તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો હાજર રહ્યા હતા તેમજ ગાંધીનગર માણસા અને કલોલ તાલુકાના પ્રાકૃતિક ખેતીના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા તેઓના ઉત્પાદિત વસ્તુઓના સ્ટોલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.



દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી
લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
(તાજુ માખણ મળશે)
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

નાઈટમાં મેનેજર જોઈએ છે
હોટલ લાઈનનાં અનુભવી મેનેજર જોઈએ છે
હોટલ સોમનાથ
રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
:: મળો ::
સવારે ૧૦ થી ૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીપન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કિડનીના રોગોને લગતી સારવાર આપતી બી.ટી. સવાણી કિડની હોસ્પિટલના સફળતાપૂર્વક ૨૧ વર્ષ પૂર્ણ



અમદાવાદ, તા.૩

સૌરાષ્ટ્ર વિસ્તારના કિડનીના રોગોની હાલાકીને ધ્યાનમાં લઈ વર્ષ ૧૯૯૮ માં ડો. પ્રદીપભાઈ કણસાગરા, સ્વ. દેવજીભાઈ પટેલ, જયંતીભાઈ ફળદુ, રમેશભાઈ પટેલ અને ડો. વિવેક જોશી દ્વારા સૌરાષ્ટ્ર કિડની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, રાજકોટ નામના ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી જે અંતર્ગત રાજકોટ સ્થિત બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાં નામના ધરાવતી કિડનીના રોગોની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ છે. આજે તે સફળ કામગીરીના ૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨ માં વર્ષમાં પ્રવેશ કરે છે. મુખ્ય દાતા ભગવાનજીભાઈ સવાણી અને દેશ-વિદેશના અનેક દાતાઓના સહકારથી બનેલ આ હોસ્પિટલ ઉત્તમ કક્ષાની સારવાર નજીવા દરે આપી સેકડો દર્દીઓના આશીર્વાદ મેળવી ચૂકી છે. અધ્યતન ઓપરેશન થિયેટર, ૫૦ જેટલા ડાયાલીસીસ મશીનો, ઉત્તમ કક્ષાની લેબોરેટરી, લેઝર મશીનો, સીટી સ્કેન મશીન, યુરો ડાયનેમિક લેબોરેટરી, વગેરે તમામ સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ ઉચ્ચ ગુણવત્તા યુક્ત સારવાર માટે નામના ધરાવે છે. આરોગ્ય સેવા માટેનો ઉચ્ચતમ માપદંડ NABH ધરાવતી ટ્રસ્ટની આ એકમાત્ર હોસ્પિટલ છે. આ હોસ્પિટલને મીડિયા હેલ્થ એન્ડ વેલનેસ સંસ્થા દ્વારા બેસ્ટ કિડની હોસ્પિટલનું સન્માન પ્રાપ્ત થયેલ છે. વધુમાં સિક્સ સિગ્મા સ્ટાર હેલ્થકેર લિમિટેડ અને ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થકેર મેનેજમેન્ટ, દિલ્હી દ્વારા બેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ નું પણ સન્માન પ્રાપ્ત થયેલ છે.

હોસ્પિટલના હાલના ચેરમેન જયંતીભાઈ ફળદુ, મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિવેક જોશી અને સેક્રેટરી રમેશભાઈ પટેલ તથા ટીમની રાહબરી હેઠળ આ હોસ્પિટલ માત્ર સારવારના બદલે રોગને કેમ અટકાવી શકાય તે માટે પણ કાર્યરત છે, જે અંતર્ગત ગામડામાં સ્વચ્છ પીવાના પાણીની સુવિધા (આર.ઓ. પ્લાન્ટ ઈન્સ્ટોલેશન), એનીમિયા પ્રિવેન્શન પ્રોગ્રામ, કિડની પ્રિવેન્શન પ્રોગ્રામ જેવા કાર્યક્રમો હેઠળ સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડેલ છે. બી. ટી. સવાણી હોસ્પિટલમાં હ્રદ્રમ બોર્ડ દ્વારા માન્ય M.S./M.D. પછીના યુરોલોજી અને નેફ્રોલોજી કોર્સ ચલાવવામાં આવે છે જે ભારતભરમાં તેના ઉચ્ચ ધોરણ માટે પંકાયેલા છે. તદ ઉપરાંત ડાયાભાઈ કાનજીભાઈ ઉકાણી નર્સિંગ કોલેજ, DMLT કોર્સ, ડાયાલિસિસ અને ઓપરેશન થિયેટર ટેકનીસીયનના કોર્સ ચલાવી આ વિસ્તારના લોકોને પેરામેડિકલ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવે છે. બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ માટેનું એકમાત્ર કેન્દ્ર છે અને આજની તારીખ સુધીમાં ૨૨ કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કરેલા છે અને નજીકના ભવિષ્યમાં વિશેષ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા લીવર, ફેફસા અને અન્ય ટ્રાન્સપ્લાન્ટ માટેની સુવિધાઓ વિકસાવવાનું આયોજન કરી રહેલ છે. બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ દ્વારા જુનાગઢ ખાતે શ્રી હાટકેશ હોસ્પિટલમાં ૨૦૨૩ માં સેટેલાઈટ ડાયાલિસિસ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જ્યાં હાલ મહિનાના ૪૦૦ જેટલા ડાયાલિસિસ કરવામાં આવે છે અને નજીકના ભવિષ્યમાં અન્ય જિલ્લાઓમાં પણ આ રીતે સેટેલાઈટ ડાયાલિસિસ સેન્ટર ચાલુ કરવાનો આયોજન છે. બી. ટી. સવાણી કિડની હોસ્પિટલમાં આજ દિન સુધીમાં સાત લાખથી વધુ ઓપીડી દર્દી, એક લાખથી વધુ દાખલ દર્દી, એક લાખથી વધુ સર્જરી, અને પાંચ લાખથી વધુ ડાયાલિસિસ જેવી સારવાર નજીવા કરવામાં આવ્યા છે. હોસ્પિટલના સક્રિય ટ્રસ્ટી જેન્તીભાઈ ફળદુ, ડો. વિવેક જોશી, રમેશભાઈ પટેલ, નાનુભાઈ મકવાણા, શાંતિભાઈ ફળદુ અને અરૂણભાઈ પટેલની ટીમ આ હોસ્પિટલને તમામ ક્ષેત્રમાં આગળ વધારવા માટે પુરી જહેમતથી કામ કરી સમાજ સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડેલ છે.

# અખિલ ભારત ગિરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધા અંગેનું જાહેરનામું

## ગિરનાર સ્પર્ધા હોવાથી રવિવારે ૧૨ બપોરે કલાક સુધી પગથીયા પર અવર-જવર નહી કરી શકાય

જૂનાગઢ, તા.૩

ગુજરાત રાજયના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે જૂનાગઢ ખાતે ગુજરાત રાજયના યુવક અને યુવતિઓ માટેની અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૪-૨-૨૦૨૪ના રોજ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને સંભવિત ખલીલ નિવારવા હેતુ માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામુ બહાર પાડ્યું છે. જે મુજબ સ્પર્ધા દરમિયાન ગિરનાર તળેટીથી અંબાજી તરફ જતા ગિરનાર પર્વતની સીડીના પગથિયા ઉપર આવવા જવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ પ્રતિબંધ તા.૪-૨-૨૦૨૪ના રોજ રાત્રે ૧૨ કલાકેથી બપોરના ૧૨ કલાક સુધી ગિરનાર તળેટીથી અંબાજી મંદિર તરફ જતી ગિરનાર પર્વતની સીડીના પગથિયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યક્તિઓ યાત્રાળુઓને ગિરનાર પર્વતની સીડીના પગથિયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

# માણાવદરના નાબાર્ડ પ્રતિનિધિ તરીકે ર૬મી જાન્યુઆરીમાં ઉપસ્થિત રહ્યા



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૩

ર૬મી જાન્યુઆરી ૭૫ માં ગણતંત્ર દિને ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નાબાર્ડ તરફથી અજયકુમાર ત્રંબકમભાઈ વ્યાસ (માણાવદર)ની પ્રતિનિધિ તરીકે પસંદગી થતા તેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. જૂનાગઢ જીલ્લામાંથી નાબાર્ડમાં સારી કામગીરી હોય પ્રતિનિધિ તરીકે પસંદગી થવી ગૌરવ મેળવેલ છે તેમજ બી.એલ. વર્મા, કેન્દ્રીય રાજય મંત્રી (સહકાર મંત્રાલય) ભારત સરકાર સાથે મુલાકાત લઈ તેમની સાથે રેડીએશન (બ્લુ) હોટેલમાં ડીનરમાં જોડાયા હતા.

# ગુજરાતમાં માન્યતાપ્રાપ્ત સ્ટાર્ટઅપમાં પાંચ વર્ષમાં છ ગણો થયેલ વધારો

## ૨૦૨૩માં ૪૮,૧૩૮ સીધી રોજગારી તકોનું સર્જન થયું : વેપાર અને ઉદ્યોગ રાજ્યમંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર



નવી દિલ્હી, તા.૩

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં ૨૦૧૯માં કુલ ૫૬૫ સ્ટાર્ટઅપ્સને માન્યતા પ્રાપ્ત થઈ હતી, જેની સામે ૨૦૨૩માં ૩,૨૯૧ સ્ટાર્ટઅપ્સને માન્યતા પ્રાપ્ત થઈ છે. તેની સાથે-સાથે ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીની તકોમાં પણ ઘણો જ વધારો જોવા મળ્યો છેઃ વર્ષ ૨૦૧૯માં સ્ટાર્ટઅપ્સ દ્વારા ૬,૦૭૭ સીધી રોજગારીની તકો પૂરી પાડવામાં આવી હતી, જે વધીને ૨૦૨૩માં ૪૮,૧૩૮ સુધી પહોંચી હતી. વેપારઅનેઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સોમ પ્રકાશ દ્વારા આ માહિતી રાજયસભામાં ફેબ્રુઆરી ૨,૨૦૨૪ના રોજ સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ઉપલબ્ધ બનાવવામાં આવી હતી.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર, ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) દ્વારા ૨૦૧૯માં સમગ્ર ભારતમાં કુલ ૧૦,૬૦૪ સ્ટાર્ટઅપ્સને માન્યતા પ્રદાન કરવામાં આવી હતી, જે ૨૦૨૩માં વધીને ૩૪,૭૭૯ના સ્તરે પહોંચી હતી. સાથે-સાથે, સમગ્ર ભારતમાં આ સ્ટાર્ટઅપ્સ દ્વારા ઉપલબ્ધ બનાવવામાં આવેલી રોજગારીની તકો ૨૦૧૯માં ૧,૨૩,૦૭૧ હતી, જે ૨૦૨૩માં ૩,૯૦,૫૧૨ થઈ હતી.

શ્રી નથવાણી ભારતમાં સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પહેલ હેઠળ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સની સંખ્યા, તેમના દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં સર્જન કરવામાં આવેલી રોજગારીની તકો, સ્ટાર્ટઅપ્સની ભારતીય અર્થવ્યવસ્થા પર અસર અને પ્રદાન તેમજ મહિલાઓના નેતૃત્વ હેઠળના સ્ટાર્ટઅપ્સની સંખ્યા અંગે જાણવા માંગતા હતા.

મંત્રીશ્રીના નિવદેન અનુસાર, સરકારે દેશમાં નવા સંશોધનો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે મજબૂત ઈકોસિસ્ટમના નિર્માણ માટે તથા સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમમાં રોકોણને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ૧૬ જાન્યુઆરી ૨૦૧૬મા રોજ સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પહેલ લોન્ચ કરી હતી. ચોક્કસ ઉદ્દેશ્યોની પૂર્તિ માટે, આ પહેલ હેઠળ સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવે છે. સરકારના સાતત્યપૂર્ણ પ્રયાસોના પરિણામે ડ્ઢૈં દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ ૧,૧૭,૨૫૪એ પહોંચી છે. આ માન્યતાપ્રાપ્ત સ્ટાર્ટઅપ્સે ૧૨.૪૨ લાખ સીધી રોજગારીની તકોનું સર્જન કરીને અર્થવ્યવસ્થા પર નોંધપાત્ર અસર પેદા કરી છે. દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઓછામાં ઓછાં એક માન્યતાપ્રાપ્ત સ્ટાર્ટઅપની હાજરી સાથે દેશના લગભગ ૮૦% જિલ્લાઓમાં સ્ટાર્ટઅપ્સની હાજરી જોવા મળે છે.

સરકાર દ્વારા સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પહેલના ૨૦૧૬માં પ્રારંભથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ ડ્ઢૈં દ્વારા માન્યતા પ્રાપ્ત ૫૫,૮૧૬ સ્ટાર્ટઅપમાં ઓછામાં ઓછા એક મહિલા ડાયરેક્ટર છે. સરકાર મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજના/કાર્યક્રમોનું અમલીકરણ કરી રહી છે.

# ઉનાની 3 ઘરફોડ અને તાલાળા ગીરની બે ચોરીના ભેદને ઉકેલતી પોલીસ

## ઉના એલસીબી પોલીસ દ્વારા કરાઈ કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩

ઉના શહેરમાં ત્રણ દિવસ પહેલા ગોંદરા ચોક પાસે હરિ દીપક ટ્રાન્સપોર્ટની ઓફીસમાંથી ધોળા દિવસે રોકડા રૂપિયા ૪૦૨૨૫ની ચોરીનો બનાવ બનેલ હતો અને તેનો ભેદ ઉકેલવા ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચેના પોલીસ ઈન્સ્પેકટર એસ. એમ. ઈસરાણીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ.વી.કે.ઝાલા એ.એસ.આઈ. લાલજીભાઈ બાંભણિયા, નરેન્દ્રભાઈ કછોટે તપાસ શરૂ કરતા તાલાળા ગુન્દ્રણ રોડ ઉપર વાહન ચેક કરતા હતા ત્યારે એક મોટર સાયકલ નંબર GJ ૧૧BS ૫૦૪૪ ઉપર આવતા યુવાનને રોકવતા પૂછપરછ કરતા તેમનું નામ શબીર ઊર્ફે ગભરૂ સુલેમાન હાલા ગામેતી (ઉ.વ.૨૩) રે. જૂનાગઢ સરદાર બાગ, કલેકટર કચેરીની પાછળ ઘાચી પટ જણાવેલ અને તેની આગવી પૂછપરછ કરતા તે ભાંગી પડેલ હતો અને કબૂલ કરેલ કે તે ઊનામાં રહેતી તેની બહેનના ઘરે રોકાવા ગયેલ હતો અને ગત તા.૩૦/૧/૨૦૨૪ના જૂનાગઢ જતી વખતે ઊનામાં ગોંદરા ચોક પાસે હરિ દીપક ટ્રાન્સપોર્ટની ઓફીસમાં ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા ૪૦૨૨૫/ની ચોરી કરેલ હતી અને ત્યાંથી નીકળી ઊનામાં ગીરગઢડા રોડ ઉપર આવેલ હરિ ક્રિષ્ના ઈલેક્ટ્રીક દુકાને દરવાજા પાસે રાખેલ એક થેલો અને ઈલેક્ટ્રીક કટર મશીન નીચોરી કરેલ હતી અને ત્યાંથી નીકળી ઘનશ્યામ ટાયર એજન્સીની દુકાને ચોરી કરવા પ્રયાસ કરેલ પરંતુ કંઈ મળેલ હતું નહી. તેમજ તેમણે ગત તા૩૦/૧ના રોજ તાલાલા સાસણ રોડ ઉપર આવેલ રામકૃષ્ણ સન્યાસ આશ્રમ મા રૂમ માંથી રોકડા રૂપિયા ૨૫૦૦૦/ અને સોનાચાંદીમાં મઢેલ રૂદ્રાક્ષના માળા રૂપિયા ૭૪૦૦૦/ની ચોરી કરી હતી તેમજ તલાલા ગુદ્રરણ રોડ ઉપર આવેલ શ્રી નાથજી રીટેલ સ્ટોર્સ માંથી બપોરે રોકડા રૂપિયા ૪૭૦૦૦ ચોરી કરી હતી ની કબૂલાત આપતા આરોપી શબિર ઉર્ફે ગભરૂ સુલેમાન હાલા ગામેતીના કબજામાંથી પોલીસે રોકડા રૂપિયા ૩૭૨૦૦ સોનાની રૂદ્રાક્ષના ૩૬ પારાની તૂટેલી માળા રૂપિયા ૮૦૦૦૦/અને ઈલેક્ટ્રિક કટર મશીન રૂપિયા ૨૦૦૦ મોટર સાયકલ રૂપિયા ૨૫૦૦૦ એક મોબાઈલ ફોન ૧૦૦૦ મળી કુલ રૂપિયા એક લાખ ૪૫ હજાર ૨૦૦નો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી હતી. આ આરોપી સામે કુલ ૧૧ ગુનાઓ દાખલ છે. આમ ગીર સોમનાથ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચેની પોલીસએ ઊનાની ત્રણ ઘરફોડ ચોરી એન તાલાળા ગીરની બે ચોરીના ગુનાનો ભેદ ઉકેલી સફળતા મેળવી હતી.

# કોડીનારમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૩

જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ(દિવ્યાંગ બાળકોની સંસ્થા) કોડીનાર અને નોડલ ઓફિસર (PwD) અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તેમજ મામલતદાર કચેરી, કોડીનાર સંયુક્ત ઉપક્રમે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, કોડીનાર ખાતે એન.જી. રાદડિયા - મામલતદાર કોડીનાર ના અધ્યક્ષ સ્થાને તથા નાયબ મામલતદાર મતદારયાદી બી.આર. ગોહિલ, માસ્ટર ટ્રેઈનર હરેશભાઈ જે ઝણકાટ, સમાજ સુરક્ષા કચેરી ગીર સોમનાથ ના સમાજ સુરક્ષા સહાયક તનવીરભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં દિવ્યાંગ મતદારો અને તેમના વાલીઓની હાજરીમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી આરીફભાઈ ચાવડા દ્વાર મામલતદાર કોડીનાર, એન.જી. રાદડિયા, નાયબ મામલતદાર બી.આર. ગોહિલ માસ્ટર ટ્રેઈનર હરેશભાઈ જે ઝણકાટ, સમાજ સુરક્ષા સહાયક તનવીરભાઈ ચાવડાનું આવકાર ભર્યું સ્વાગત કરવામાં આવેલ અને આજના આ કાર્યક્રમ અંતગર્ત મતદાન મથક ઉપર મળતી વિવિધ સેવાઓ નો લાભ લેવા માટે ની સક્ષમ એપ્લિકેશનની માહિતી આપેલ તથા ઉપસ્થિત દિવ્યાંગજનો તથા તેમનાં વાલીગણ ને સક્ષમ એપ્લિકેશન ડાઉનલોડ કરવી વિશેષ જાણકારી આપવમાં આવેલી અને જીવનદીપ સંસ્થા દ્વારા દિવ્યાંગજનો માટે આપવામાં આવતી સેવાઓ વિશે માહિતી આપેલી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીના સમાજ સહાયક તનવીરભાઈ ચાવડા દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા ખાતાની વિવિધ યોજનાકીય માહિતી અને માર્ગદર્શન આપેલ તથા ચુંટણી દરમ્યાન દિવ્યાંગજનોને સમાજ સુરક્ષા ખાતું કેવીરીતે મદદ રૂપ થશે વિગેરે જાણકારી આપેલ હતી ત્યાર બાદ મામલતદાર કચેરી, કોડીનારના નાયબ મામલતદાર મતદારયાદી બી.આર. ગોહિ તથા મતદાર જાગૃતિ માટેના માસ્ટર ટ્રેનર હરેશભાઈ જે ઝણકાટ દ્વારા વિવીપેટ અને ઈવીએમ મશીન વિષે જાણકારી આપી તથા દિવ્યાંગજનો ને વ્યક્તિગ વિવીપેટ અને ઈવીએમ કેવીરીતે કામ કરે છે તેનું નિદર્શન કરાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના આરીફભાઈ ચાવડા, રાકેશભાઈ બેરડીયા, ડો.ભરતભાઈ રાઠોડ, ડો.નિકુંજભાઈ ચુડાસમા, નાઝીમાંબેન જુણેજા, ભાવનાબેન રાઠોડ, અમીતાબેન ચાવડા, સમાજ સહાયક તનવીરભાઈ ચાવડા મામલતદાર કચેરીના અલ્પેશભાઈ ભેડા તથા જીવનદીપ સંસ્થાના વાલીઓએ જહેમત ઉઠાવી હતી.

## વિધાનસભાની આગામી ચૂંટણી પહેલાં બૂલેટ ટ્રેનની ટ્રાયલ

# ૨૦૨૬ સુધીમાં સુરતથી બિલિમોરા બૂલેટ ટ્રેનની ટ્રાયલ શરૂ કરાશે

## મહારાષ્ટ્રમાં પણ જમીન સંપાદનની કામગીરી હવે પૂર્ણ થઈ જતા ત્યાં પણ પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરી મળી ગઈ છેઃ વૈષ્ણવ

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી અગાઉ બુલેટ ટ્રેનનું ટ્રાયલ શરૂ થઈ જાય તેવી પૂરી સંભાવના છે. ઓગસ્ટ ૨૦૨૬માં સુરતથી બિલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનનું ટ્રાયલ શરૂ કરવામાં આવી શકે છે. બજેટ અંગે માહિતી આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, 'હાલમાં સાબરમતીથી મુંબઈ સુધી ટ્રેકની કામગીરી ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં પણ જમીન સંપાદનની કામગીરી હવે પૂર્ણ થઈ જતા ત્યાં પણ પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરી મળી ગઈ છે. તેની સાથે જ ૨૧ કિલોમીટર લાંબી ટનલ બનાવવાની કામગીરી તેમજ સ્ટેશનોની કામગીરી પણ ઝડપથી કરાઈ રહી છે. હાલમાં ૨૮૦ કિલોમીટર લાંબા ટ્રેકની કામગીરી પૂર્ણ કરી દેવા છે અને દર મહિના ૧૩ થી ૧૪ કિલોમીટરની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. ' આ સાથે તેમણે ઉમેર્યુ કે, ૨૦૦૯ થી ૨૦૧૪ વચ્ચે ગુજરાતને સરેરાશ ૫૮૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવતા હતા. પરંતુ હાલની સરકારે આ વખતે ગુજરાત માટે ૮૫૮૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે. હાલમાં ગુજરાતમાં ૭૦૧ કિલોમીટર રૂટ પર નવી લાઈન તેમજ ગેજ કન્વર્ઝનની કામગીરી ચાલી રહી છે. ગુજરાતમાં ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે અને હાલમાં લગભગ ૯૭ ટકા ટ્રેકનું ઈલેક્ટ્રીફિકેશન કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, સોમનાથ સહિત ૮૭ સ્ટેશનો રિડેવલપ કરવામાં આવશે. જેમાં હાલ સુરત, વડોદરા, સોમનાથ સ્ટેશનના ડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે જ્યારે અમદાવાદ સ્ટેશન પર ઓફિસોની શિફ્ટીંગ ચાલૂ છે અને આગામી દિવસોમાં ડેવલપમેન્ટ કામગીરી શરૂ કરવામાં આવશે.'



બજેટ કદાચ સારૂ હોય તોય આપણે તો વિરોધ કરવાનો છે, એ નભુલી જતો !



દેશના બજેટની ચિંતા છોડી ઘરના બજેટમાં ધ્યાન આપો !

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સંભવ છે એકસાથે ચૂંટણી

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં 'એક દેશ એક ચૂંટણી' પર નિયુકત સમિતિએ દેશમાં તમામ પક્ષો અને પ્રજાજનો પાસેથી ૧૫ જાન્યુઆરી સુધીમાં સૂચનો માંગ્યા હતા. આ સૂચનો પર વિચાર કરવાની સાથે સમિતિ દ્વારા જુદા જુદા વિશેષજ્ઞો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે.

સૌપ્રથમ ૧૯૮૩માં ચૂંટણી આયોગે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એકસાથે યોજવાનું સૂચન કર્યુ હતું. ત્યારબાદ ૧૯૯૯માં જસ્ટિસ બીપી જીવનરેડ્ડીની અધ્યક્ષતામાં નિમાયેલ વિધિ આયોગે ચૂંટણી કાયદામાં સુધારા અંગેના પોતાના રિપોર્ટમાં આ વાતની પ્રસ્તુતિ કરી હતી. ૨૦૧૭માં પૂર્વ રાષ્ટ્રપતિઓ પ્રણવ મુખર્જી અને કોવિન્દે પણ તેનું સમર્થન કર્યુ. ૨૬ નવે.૨૦૧૭ની નીતિ આયોગ અને વિધિ આયોગ દ્વારા આયોજીત સંવિધાન દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં આ બાતે રાષ્ટ્રીય વિમર્શનું આહ્વાન કર્યુ હતું અને ૨૦૧૮માં વિધિ આયોગે આ વિષયે વિચાર-વિમર્શ કરીને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો.

સ્વતંત્રતાના બાદ ચાર ચાર લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એકસાથે થઈ હતી પરંતુ ૧૯૬૭માં આઠ રાજયોમાં બિનકોંગ્રેસી ગઠબંધન સરકાર બનવાથી અને દળબદલની સમસ્યાના કારણે અસ્થિરતા આવવાના કારણે આ ક્રમ તૂટયો હતો. આજે ચૂંટણી આયોગને દર વર્ષ ચાર-પાંચ રાજયોમાં ચૂંટણી યોજવી પડી રહી છે. જેમાં પોતાના દળના સ્ટાર પ્રચારકના રુપમાં વડાપ્રધાન અને તમામ મંત્રીઓ પણ જોડાતા હોય છે. જેના કારણે શાસન-પ્રશાસન પ્રભાવિત થાય છે. આદર્શ વિચારસંહિતાથી વિકાસ કાર્યોને અવરોધ થાય છે. વધુ પડતો ખર્ચ થાય છે, શિક્ષણમાં અવ્યવસ્થા થાય છે.

દિક્ષણ આફ્રિકા, સ્વીડન, બેલ્જિયમ, ઈન્ડોનેશિયા અને અમેરિકા જેવા અનેક દેશોમાં એકસાથે ચૂંટણી યોજાય છે. જે દર્શાવે છે કે એકસાથે ચૂંટણી લોકતંત્ર અને સંઘવાદથી વિપરીત નથી. ઈંગ્લેન્ડમાં પણ ૨૦૧૧માં સંસદે 'નિશ્ચિત કાર્યકાળ અધિનિયમ' પારિત કર્યો, જે અનુસાર મધ્યવર્ધી ચૂંટણી ત્યારે યોજાશે જયારે સંસદમાં બે તૃતિયાંશ બહુમત દ્વારા તેની પ્રસ્તુતિ કરવામાં આવે. ઈંગ્લેન્ડમાં સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પારિત થઈ જાય ત્યારે પણ વડાપ્રધાન સંસદને તુરંત ભંગ કરી શકતા નથી. સંસદ પાસે એ વિકલ્પ હોય છે કે તે ૧૪ દિવસની અંદર વૈકલ્પિક સરકાર ગઠિત કરી શકે.

જયાં સુધી એકસાથે ચૂંટણી યોજવાની વાત છે તે બાબતમાં ભારતમાં બે મુખ્ય સંવૈધાનિક અવરોધ જોવા મળે છે. પહેલો એ છે કે જુદાજુદા સમય અવધિવાળી વિધાનસભાઓ અને લોકસભાને એકસાથે ચૂંટણી યોજવા માટે એકસાથે કેવી રીતે લાવી શકાય? ચૂંટણીઓ એકસાથે યોજવાનો મુદ્દો અટપટો છે. જેમાં કાનૂની અને સંવૈધાનિકની સાથેસાથે વિભિન્ન રાજનીતિક દળો અને રાજય સરકારોની સહમતિ જરુરી છે. સંભવ છે કે કેટલીક વિધાનસભાનો કાર્યકાળ વધારવો પડે તો કેટલીક સરકારોએ સમય પહેલા ત્યાગપત્ર આપવું પડે. જોકે આ આસાન નથી.

બીજો અવરોધ એ છે કે એકસાથે ચૂંટણી થાય તો પણ ક્રમ કેવી રીતે નકકી કરવામાં આવી શકે? એકવાર ઘોષણા કર્યા બાદ વડાપ્રધાન કે મુખ્યમંત્રી પાંચ વર્ષની મુદ્દત અગાઉ ત્યાગપત્ર આપવા સહિતના કારણોથી લોકસભા અને વિધાનસભાઓને ભંગ કરવી પડે. અનુચ્છેદ ૩૫૬ અંતર્ગત કોઈ રાજયમાં આપાતકાળ લાગુ થવા પર સરકારને બરખાસ્ત કરીને વિધાનસભા ભંગ કરવામાં આવે છે. સરકારનો બજેટ પ્રસ્તાવ નામંજૂર થાય અને તે ત્યાગપત્ર આપીને નવી ચૂંટણી યોજવા સલાહ આપે અથવા ચૂંટણી થયા બાદ કોઈપણ સરકાર બનાવવાની સ્થિતિમાં ન હોય તો પુનઃ મધ્યવર્તી ચૂંટણી યોજવી પડે.

સ્પષ્ટ છે કે ઉપરોકત પ્રત્યેક સ્થિતિમાં લોકસભા કે વિધાનસભા ભંગ થાય છે. જેના કારણે ચૂંટણીનો ક્રમ બગડે છે. આ સ્થિતિમાં સરળ ઉપાય એ છે કે સંવિધાનથી લોકસભા અને વિધાનસભાને ભંગ કરવાનો પ્રાવધાન જ સમાપ્ત કરી દેવામાં આવે અને તેને નિલંબિત રાખવાનો પ્રાવધાન તૈયાર કરવામાં આવે. જેમાં ચૂંટણીઓનો પંચવર્ષીય ક્રમ બગડશે નહીં. વિકાસકાર્યોમાં કોઈ અવરોધ નહીં આવે, શાસન-પ્રશાસનનું ધ્યાન ભટકશે નહી અને શિક્ષણ વ્યવસ્થાને અસર નહીં પહોંચે. સાથોસાથ પ્રજાજનો અને ચૂંટણી આયોગને પણ વારંવારની ચૂંટણીઓમાંથી છૂટકારો મળશે.

સરકાર ગબડવાથી ઉભી થતી અસ્થિરતાથી બચવા માટે જર્મનીના સંવિધાનનું અનુસરણ કરવું જોઈએ. જર્મન સંવિધાનના અનુચ્છેદ ૬૭ અનુસાર વિપક્ષ પોતાના વડાપ્રધાન (ચાન્સેલર)ની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ ત્યારે લાવી શકે છે જયારે સૌપ્રથમ તેણે પોતાના ઉત્તરાધિકારી જાહેર કર્યા હોય. જેથી સરકાર ગબડવાની સ્થિતિમાં દેશને તત્કાળ એક નવી સરકાર મળી શકે. જોકે જો ચાન્સેલર સ્વયં વિશ્વાસ પ્રસ્તાવ લાવે (ઉદા. બજેટ અંગે) અને હારી જાય તો અનુચ્છેદ ૬૮ અનુસાર તે સદનને તત્કાળ ભંગ કરી શકતા નથી. સદનને નવા ચાન્સેલરની નિયુકિત માટે ૨૧ દિવસનો સમય મળે છે.

આ સીસ્ટમમાં કેટલાક સંશોધનો સાથે આપણે સ્વીકાર કરી શકીએ છીએ. જેનાથી ચૂંટણી યોજયા વિના સરકારનું પરિવર્તન થઈ શકે. છતાંયે પુનઃ ૧૯૬૭ જેવી સ્થિતિ ઉત્પન્ન ન થાય અને ચૂંટણીઓનો પંચવર્ષીય ક્રમ યથાવત રહે તેના માટે સંવિધાનના અનેક પ્રાવધાન, જેવા કે અનુચ્છેદ ૭૫(૩), ૮૩, ૮૫(૧), ૧૧૩, ૧૬૪(૨), ૧૭૨, ૧૭૪(૧), ૨૦૩, ૨૪૩(યૂ), સંવિધાનના ભાગ ૧૫ (ચૂંટણી સંબંધી), ૧૦મી અનુસૂચિ અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦-૫૧ અને લોકસભાની કાર્યપ્રણાલિ સંબંધી નિયમ ૧૯૮ વગેરેમાં સંશોધન કરવું પડશે. જેમાં કેટલાક સંશોધનો માટે અડધા રાજયોની સહમતિની પણ જરુર પડી શકે છે.

જો કે આ કાર્ય દુષ્કર અવશ્ય છે પરંતુ અસંભવ બિલકુલ નથી. આ મુદ્દા પર વર્તમાન સાંસદ અને ધારાસભ્યો એકમત થઈ શકે છે, કારણ કે તેમાં તેમનો પણ વ્યાપક લાભ સમાવિષ્ટ છે. એકવાર ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ તેઓનો પાંચ વર્ષનો કાર્યકાળ સુરિક્ષત થવા સાથે તેઓ વારેઘડીએ યોજાતી ચૂંટણીઓની ઝંઝટમાંથી ઉગરી શકશે. જો કે ચૂંટણીઓનો ખર્ચ પણ અનેકગણો વધી રહ્યો છે અને તમામ જનપ્રતિનિધિ ઈચ્છશે કે તેઓને કોઈપણ પ્રકારે પાંચ વર્ષ પહેલા કોઈ ચૂંટણી જંગમાં ન ઉતરવું પડે. જો મોદી સરકાર તમામ સાંસદો અને તમામ રાજયોના ધારાસભ્યોને આ બાબત સમજાવી શકશે તો ઉપરોકત તમામ સંશોધનો પર દળોની સહમતિ પ્રાપ્ત કરી શકાશે.

# IMFએ વૈશ્વિક અર્થતંત્ર માટે 'સોફ્ટ લેન્ડિંગ'ની આગાહી કરી

## IMFએ ૨૦૨૪ અને ૨૦૨૫ બંને માટે ભારતની અર્થવ્યવસ્થા વૃદ્ધિ અનુમાન ૦.૨ ટકા વધારીને ૬.૫ ટકા કર્યું

નવી દિલ્હી તા.૩

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ મંગળવારે ઘાતક રોગચાળા, આકાશને આંબી દેતી ફુગાવા અને ઊંચા વ્યાજ દરો અને તાજેતરના વર્ષોમાં લાંબા સમય સુધી ચાલતા યુદ્ધોથી પીડિત વૈશ્વિક અર્થતંત્ર માટે "સોફ્ટ લેન્ડિંગ" ની આગાહી કરી હતી. તેણે સ્થિતિસ્થાપક સ્થાનિક માંગને ટાંકીને ૨૦૨૪ અને ૨૦૨૫ બંને માટે ભારતની અર્થવ્યવસ્થા વૃદ્ધિ અનુમાન ૦.૨ ટકા વધારીને ૬.૫ ટકા કર્યું. કોવિડ-૧૯ રોગ ચાળામાંથી વૈશ્વિક પુનઃપ્રાપ્તિ, યુક્રેન પર રશિયાના આક્રમણ અને જીવન ખર્ચની કટોકટી "આશ્ચર્યજનક રીતે સ્થિતિસ્થાપક સાબિત થઈ રહી છે," IMF એ તેના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં જણાવ્યું હતું. ફુગાવો તેની ૨૦૨૨ ની ટોચથી અપેક્ષા કરતા વધુ ઝડપથી ઘટી રહ્યો છે. તે જ સમયે, તેણે એમ પણ કહ્યું હતું કે ફુગાવા સામે લડવાના હેતુથી ઊંચા વ્યાજ દરો અને ઊંચા દેવાની વચ્ચે રાજકોષીય સમર્થન પાછું ખેંચી લેવાનું ૨૦૨૪ માં વૃદ્ધિ પર ભાર મૂકે તેવી અપેક્ષા છે. "ફુગાવાને અંકુશમાં રાખવો અને સ્થિર વૃદ્ધિ સોફ્ટ લેન્ડિંગ માટેનો માર્ગ ખોલે છે" શીર્ષક ધરાવતા અહેવાલમાં જણાવાયું છે કે, "નીચા ફુગાવા અને સ્થિર વૃદ્ધિ સાથે હાર્ડ લેન્ડિંગની શક્યતાઓ ઓછી થઈ ગઈ છે અને વૈશ્વિક વૃદ્ધિ માટેના જોખમો વ્યાપકપણે મર્યાદિત છે." સંતુલિત." "વાદળો હટવા માંડ્યા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા નરમ ઉતરાણ તરફ તેના અંતિમ ઉતરાણની શરૂઆત કરી રહી છે, ફુગાવો સતત ઘટી રહ્યો છે અને વૃદ્ધિ અટકી રહી છે," ફંડના મુખ્ય અર્થશાસ્ત્રી પિયર-ઓલિવિયર ગૌરીનચાસે એક સાથેના બ્લોગમાં જણાવ્યું હતું. "પરંતુ વિસ્તરણની ગતિ ધીમી રહે છે, અને અશાંતિ વધુ વધી શકે છે." "ગત વર્ષના ઉત્તરાર્ધમાં વૈશ્વિક પ્રવૃત્તિ સ્થિતિસ્થાપક સાબિત થઈ, કારણ કે માંગ અને પુરવઠાના પરિબળોએ મુખ્ય અર્થતંત્રોને ટેકો આપ્યો હતો. ચુસ્ત નાણાકીય સ્થિતિ હોવા છતાં માંગ બાજુ પર ખાનગી અને સરકારી ખર્ચે પ્રવૃત્તિ જાળવી રાખી હતી. પુરવઠા બાજુ પર શ્રમ દળની ભાગીદારી "વૃદ્ધિમાં સુધારો કરીને મદદ કરી હતી. નવીનીકૃત ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ છતાં સપ્લાય ચેન અને સસ્તી ઉર્જા અને કોમોડિટીના ભાવ." સ્ત્રી એ ઉત્સાહિત આગાહીને "યુનાઈટેડ સ્ટેટ્સમાં અપેક્ષા કરતાં વધુ સારી સ્થિતિસ્થાપકતા અને ઘણા મોટા ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો તેમજ ચીનમાં રાજકોષીય સમર્થનને આભારી છે," અને કહ્યું કે આ ઉભરતા બજારોમાંનું એક ભારત છે. "ભારતમાં વૃદ્ધિ ૨૦૨૪ અને ૨૦૨૫ બંનેમાં ૬.૫ ટકાના દરે મજબૂત રહેવાનો અંદાજ છે, ઓક્ટોબરથી બંને વર્ષો માટે ૦.૨ ટકા પોઈન્ટના અપગ્રેડ સાથે, સ્થાનિક માંગમાં સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે." ચીનની વૃદ્ધિની સંભાવનાઓ પણ અગાઉના અનુમાન કરતાં ૦.૪ ટકા વધીને ૨૦૨૪માં ૪.૬ ટકા થઈ હતી, પરંતુ તે પછી ૨૦૨૫માં ઘટીને ૪.૧ ટકા થઈ ગઈ હતી. સ્ત્રી એ અહેવાલમાં જણાવ્યું હતું કે, ૨૦૨૪ માં ઉપરની તરફનું પુનરાવર્તન "૨૦૨૩ માં અપેક્ષા કરતાં વધુ મજબૂત વૃદ્ધિ અને કુદરતી આફતો સામે ક્ષમતા નિર્માણ પર સરકારી ખર્ચમાં વધારોનું પરિણામ છે."

### બાપ રે બાપ! પતિ પાસે કરાવી સફાઈ

## ૬ કલાક કામ કરીને પત્નીને મોકલી દીધું ૭૪૦૦૦ બિલ

નવી દિલ્હી, તા.૩

એક વ્યક્તિએ સતત ૬ કલાક સુધી પોતાના ઘરની સફાઈ કર્યા બાદ તેની પોતાની પત્નીને આ કામ માટે ૭૪ હજાર રૂપિયાનું બિલ મોકલ્યું હતું. આ વ્યક્તિએ આ બિલ સોશિયલ મીડિયા પર પણ શેર કર્યું હતું અને કહ્યું હતું કે તેના એક ગ્રાહકે કામ માટે બિલ ચૂકવવાની ના પાડી દીધી છે. 'ડેઈલી ટેલિગ્રાફ'ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે એક વ્યક્તિએ તેની પત્નીને ૭૦૦ પાઉન્ડ (લગભગ ૭૩,૯૫૫ રૂપિયા)નું બિલ મોકલ્યું હતું. માર્ક હેચ નામના આ વ્યક્તિનો કલીન મી કાર્પેટ એન્ડ અપહોલ્સ્ટરી કલીનિંગ નામનો સફાઈનો વ્યવસાય છે. જ્યારે માર્ક હેચને તેની પત્ની દ્વારા પોતાનું ઘર સાફ કરવાનું કામ સોંપવામાં આવ્યું ત્યારે તેણે કામ પુરૂ થયા પછી તેની પત્ની જાસ્મિનને બિલ મોકલ્યું હતું. આ બિલ કંપનીના ફેસબુક પેજ પર શેર કરવામાં આવ્યું હતું. બિલ શેર કરતી વખતે, માર્ક હેચે કેપ્શનમાં લખ્યું, 'ગયા અઠવાડિયે અમારી પાસે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની જ્યારે એક ગ્રાહકે ચૂકવણી કરવાનો ઈનકાર કર્યો! એક મોટો કોર્નર સોફા, ત્રણ બેડરૂમના કાર્પેટ અને એક ફ્લોર સાફ કર્યા પછી, ગ્રાહકે અમને કહ્યું કે તે આ કામથી એકદમ ખુશ છે! આ પછી હેચે તેની પત્નીને એક મેસેજમાં લખ્યું હતું કે, 'હાય જાસ્મિન, કૃપા કરીને આવતીકાલની સફાઈ પછી તમારા પેમેન્ટની લિંક પર ક્લિક કરો અને તમારી પસંદગીની ચુકવણી પદ્ધતિ પસંદ કરો. પાછળથી જાણવા મળ્યું કે આ એક મજાક છે અને માર્ક હેચને તેની પત્ની સાથે આવી મજાક કરવી ગમે છે. માર્ક હેચની પત્નીએ જવાબ આપ્યો, ધીરજ રાખો, અમે પરિણીત છીએ અને ત્રણ બાળકો છે. આ ફેસબુક પોસ્ટ પર ઘણા યુઝર્સની જાતજાતની કોમેંન્ટસજોવા મળી હતી, જે આ સમગ્ર વાર્તાલાપ વાંચીને હસ્યા હતા. એક યુઝરે લખ્યું હતું કે, 'હું સમજી શક્યો નહીં કે આખો મામલો શું છે જ્યાં સુધી મેં વાંચ્યું કે બિલ ન ચૂકવનાર વ્યક્તિની 'પત્ની' હતી.' આ ફેસબુક પોસ્ટ પર ઘણા યુઝર્સની જાતજાતની કોમેંન્ટસજોવા મળી હતી, જે આ સમગ્ર વાર્તાલાપ વાંચીને હસ્યા હતા અન્ય યુઝરે લખ્યું કે 'આ ખૂબ જ રમુજી છે. માર્ક હેચે પાછળથી કહ્યું કે તેને આખા ઘરને સાફ કરવામાં અડધો દિવસ લાગ્યો અને તેણે કબૂલાત કરી કે આ પ્રકારના જોક્સ તેના ઘરમાં સામાન્ય છે. "ક્યારેક તે આ રીતે પ્રતિક્રિયા આપે છે, ક્યારેક તે હસી કાઢે છે, ક્યારેક તે નારાજ પણ થાય છે. પરંતુ તે હંમેશા હળવી મજાક જ હોય છે," તેણે કહ્યું હતું કે, આપણે જે વસ્તુઓ માટે ચૂકવણી કરવી જોઈએ તે વિશે અમારી પાસે ચાલી રહેલી મજાક છે.

## ખંભાળિયા નજીક કારમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો : અન્ય એકની શોધખોળ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયાના રિચાર્જ પી.આઈ. એસ.વાય. ઝાલાની રાહબરી હેઠળ પી.એસ.આઈ. એસ.વી. ગળચરના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હેમતભાઈ નંદાણીયા તથા યોગરાજસિંહ ઝાલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા-ભાણવડ હાઈવે પર અત્રેથી આશરે ૮ કિલોમીટર દૂર માંઝા ગામના પાટીયા પાસેથી પોલીસે પસાર થતી જી.જે. ૧૨ બી.એફ. ૬૩૪૧ નંબરની મારૂતિ સુઝુકી કારમાં ચેકિંગ કરતા આ કારમાં લઈ જવાતો ૧૫૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂપિયા ત્રણ લાખની કિંમતની મોટરકાર સહિત કુલ રૂપિયા ૩.૦૩ લાખના મુદ્દામાલ સાથે ખંભાળિયાના સંજયનગર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાની બાજુમાં રહેતા ભીમા જેઠા લુણા નામના ૩૫ વર્ષના શખ્સની અટકાયત કરી હતી. જ્યારે આ પ્રકરણમાં ભાણવડ તાલુકાના પાછતરડી ગામના બાલુ જગા રબારીનું નામ ખુલતા તેને હાલ ફરાર જાહેર કરવામાં આવ્યો છે. આ અંગે પોલીસે પ્રોહી. એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. આ સમગ્ર કાર્યવાહી અહીંના ઈન્ચાર્જ પી.આઈ. ઝાલા, પી.એસ.આઈ. ગળચર, હેડ કોન્સ્ટેબલ હેમતભાઈ નંદાણીયા, ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ, વિરેન્દ્રસિંહ, યોગરાજસિંહ તથા કાનાભાઈ દ્વારા કરવામાં આવી હતી.

## ખંભાળિયામાં શારીરિક અડપલા કરનારા શખ્સને ચાર વર્ષની સખત કેદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૩

જામનગર ખાતે રહેતા એક પરિવારની સગીર વયની પુત્રી ખંભાળિયા ખાતે રહેતા તેણીના એક સંબંધીના ઘરે લગ્ન પ્રસંગમાં આવી હતી. જયાં તેની કુટુંબી બહેન સાથે શારીરિક અડપલા કર્યા હતા. આ સમગ્ર બનાવનો કેસ કોર્ટમાં ચાલી જતાં આરોપી રાજેશ ઉર્ફે રાજુ ધારાણીને ચાર વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ ઉપરાંત સરકાર તરફથી સગીરાના સામાજિક, માનસિક અને આર્થિક પુનર્વસન માટે વિક્ટિમ કમ્પનસેશન સ્કીમ હેઠળ રૂા.એક લાખનું વળતર ચૂકવવા પણ વધુમાં હુકમ કર્યો છે.

### જેતપુરમાં એક ખૂબ જ શરમજનક કિસ્સો સામે આવ્યો

## હવસખોર પિતાએ ઊંઘી રહેલી દીકરીની સાથે દુષ્કર્મ ગુજાર્યું

જેતપુર, તા.૩

જેતપુરમાં એક ખૂબ જ શરમજનક કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક પિતાએ પોતાની પુત્રી સાથે બળાત્કાર કર્યાની ઘટના સામે આવી છે. ૧૨ વર્ષીય પાલક પુત્રી સાથે ૩૦ વર્ષીય પાલક પિતા દ્વારા માતાની ગેરહાજરીમાં ૩૦ જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે દુષ્કર્મ આચાર્યુ હોવાનો બનાવ સામે આવ્યો છે.

સમગ્ર મામલે ૩૨ વર્ષીય માતાની ફરિયાદના આધારે જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે પાલક પિતા વિરુદ્ધ દુષ્કર્મ તેમજ પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ગુનો નોંધાતાની સાથે ગુરૂવારના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એ. આર. હેરમાના જણાવ્યા પ્રમાણે આરોપી મજૂરી કરી પોતાનું તેમજ પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવે છે. આરોપી ગુનાહિત ઈતિહાસ પણ ધરાવે છે અગાઉ પોલીસ ચોપડે મારામારી તેમજ પ્રોહિબિશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. પોલીસને આપેલી ફરિયાદમાં ભોગ બનનારની માતાએ જણાવ્યું છે કે તેને આરોપી સાથે ૧૦ વર્ષ પૂર્વે બીજા લગ્ન કર્યા હતા. પોતાના પહેલા પતિ થકી તેને બે સંતાનો છે જે હાલ તેની સાથે રહે છે.

ભોગ બનનાર દીકરી હાલ ધોરણ સાતમાં અભ્યાસ કરી રહી છે. ૩૦મી જાન્યુઆરીના રોજ પોતાને શારીરિક તકલીફ હોવાના કારણે પોતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ગઈ હતી. ત્યારે પોતાના ઘરે પતિ તેમજ દીકરો અને દીકરી હાજર હતા. આ દરમિયાન દીકરો સૂઈ ગયો હતો તેમજ પરણીતા પોતે ઘરે હાજર ન હોય જેથી પોતાના હવસખોર પતિએ દીકરી સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.

દીકરી સાથે દુષ્કર્મ આચર્યા બાદ પતિ ઘરમાં જ સુઈ ગયો હતો. તેમજ બીજા દિવસે દીકરીએ પોતાની સાથે બનેલી ઘટના અંગે માતાને વાત કરતી હતી ત્યારે આરોપી લાજવા ને બદલે ગાજવા માંડ્યો હતો. જેથી સમગ્ર મામલે પરણીતાએ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવાની ફરજ પડી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીને હવે પત્ની તેમજ દીકરી અને દીકરાને પોતાની સાથે રાખવા ન હોય તેથી આ પ્રકારનું કૃત્ય આચર્યું હોવાનું જણાવ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આ જગતમાં બહુ સરળ થવા જઈએ તો જગતમાં લોકો દુર્બળ માન છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૮, તા.૩ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૨, વિશાખા નક્ષત્ર, ગંડ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭ઃ૩૨, સૂ.અ.૬ઃ૩૯

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત), રાત્રે ૧ઃ૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ વ્યર્થ દોડાદોડી રહે. આરોગ્ય બાબતે સાવચેતી હિતાવહ.
વૃષભઃભાગીદાર સાથે મતભેદ સર્જાય. મુંઝવણમાંથી માર્ગ મળે.
મિથુનઃનિર્ણયશક્તિ નબળી બની જાય. મનમાં મૂંઝવણ અનુભવાય.
કર્કઃ આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. અપયશના ભોગ બનવું પડે.
સિંહઃ આયોજન સફળતા પૂર્વક પાર પાડી શકાય. કાર્યક્ષેત્રનો વિકાસ થાય.
કન્યાઃ રોકાયેલા નાણાં છૂટા થાય. ધીરજના ફળ મીઠા.
તુલાઃ જીવનસાથીથી મતભેદ રહે. સામાજિક કાર્યોમાં સિધ્ધિ મળે.
વૃશ્ચિકઃઅપયશના ભોગ બનવું પડે. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
ધનઃ કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા મળે. કાર્યની યોગ્ય કદર થાય.
મકરઃ નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.
કુંભઃ મનની મુરાદ બર આવે. સાહસિક કાર્યમાં સફળતા મળે.
મીનઃ નવિન સાહસ ન કરવું. જીવનસાથીથી સ્નેહ રહે.

## અંબાજીમાં પાંચ દિવસનો પરિક્રમા મહોત્સવ યોજાશે

અંબાજી, તા.૩

પવિત્ર યાત્રાધામ શક્તિપીઠ અંબાજીમાં પરિક્રમા મહોત્સવની તૈયારીઓ તડામાર કરવામાં આવી છે. ગબ્બર પરીક્રમમાં ભક્તોની મોટી ભીડ ઉમટતી હોય છે. પ્રતિવર્ષ ત્રણ દિવસ પરિક્રમા મહોત્સવ યોજવામાં આવતો હોય છે. આ વર્ષથી પાંચ દિવસનો પરિક્રમા મહોત્સવ યોજવામાં આવશે. આ માટે તૈયારીઓ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. પરિક્રમા દરમિયાન ૫૧ શક્તિપીઠ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિવિધાનથી હવન કરવામાં આવશે.

શક્તિપીઠ અંબાજીમાં આગામી ૧૨ ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રુઆરી સુધી પાંચ દિવસ પરિક્રમા મહોત્સવ ઉજવાશે. દર વર્ષે ત્રણ દિવસનું આયોજન કરવામાં આવતુ હોય છે. આ વર્ષથી પાંચ દિવસનો પરિક્રમા મહોત્સવ ઉજવાશે. પાંચ દિવસનો પર્વ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ પાંચ દિવસને લઈ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ તો ગબ્બર પર્વત વિસ્તારના ૫૧ શક્તિપીઠ ના તમામ મંદિરોમાં બ્રાહ્મણો દ્વારા હોમ હવન કરવામાં આવશે.

શોભાયાત્રા અને આનંદના ગરબા મંડળ પણ પરિક્રમા મહોત્સવમાં ભાગ લેશે. એસટી બસની પણ આ દરમિયાન વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આી છે. તેમજ વિના મૂલ્યે ભોજન પ્રસાદ મંદિરની ભોજન શાળામાં આપવામાં આવશે.

## કલ્યાણપુર નજીક કાર અકસ્માતમાં બે મુસાફરોના કરૂણ મૃત્યું


(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા દ્વારકા ધોરીમાર્ગ ઉપર લીંબડી ગામ નજીક ગઈકાલે એક મોટરકારનો અકસ્માત થતા આ કારમાં જઈ રહેલા ઉપલેટાના મહિલા તેમજ ગોંડલના યુવાનના કરૂણ મોત નિપજયા હતા. આ કરૂણ બનાવની વિગત એવી છે કે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં રહેતા હર્ષભાઈ દિલીપભાઈ સોજીત્રા નામના યુવાન તેમને જીજે ૦૬ સેલ.એસ. ૦૨૦૯ નંબરની મોટરકાર લઈને પરિવારજનો સાથે જઈ રહ્યા હતા ત્યારે ખંભાળિયા દ્વારકા રોડ ઉપર કલ્યાણપુરથી આશરે ૨૬ કિલોમીટર દૂર લીમડી ગામ નજીક પહોંચતા કારના ચાલક હર્ષભાઈએ આ મોટરકાર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક ચલાવતા પોતે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો. કારને એકાએક બ્રેક મારવામાં આવતા આ મોટરકાર પુલની બાજુમાં રહેલા એક લોખંડના પોલ સાથે અથડાઈ હતી. આ અકસ્માત બાદ મોટરકાર પલટી ખાઈ જતા આ મોટરકારમાં જઈ રહેલા ચાલક હર્ષભાઈ સોજીત્રા તેમજ તેમની સાથે જઈ રહેલા ઉપલેટા તાલુકાના નાગવદર ગામે રહેતા છાયાબેન નામના મહિલાને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા આ બંનેના કરૂણ મૃત્યું નીપજયા હતા. આ બનાવ અંગે જામનગરમાં રઘુવીર પાર્ક વિસ્તારમાં રહેતા હેવનભાઈ રોહિતભાઈ વસોયા (ઉ.વ.૨૪)ની ફરિયાદ ઉપરથી કલ્યાણપુર પોલીસેગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. કે.પી. ઝાલા

# પરીક્ષાઓમાં ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે : મોદી

## કેન્દ્ર સરકાર આવતા અઠવાડિયે સંસદમાં એક નવું બિલ રજૂ કરી શકે છે જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા, ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હશે



નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકાર પેપર લીક રોકવા માટે એક બિલ લાવી રહી છે. આ બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ બીલમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓનો સમાવેશ કરવામાં આવશે. બિલ હેઠળ દંડ અને જેલની જોગવાઈ હશે. આ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચના કરશે. ટૂંકમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં ગેરરીતિઓ અને અનિયમિતતાને સખત રીતે નિપટવા માટે સરકાર આવતા અઠવાડિયે સંસદમાં એક નવું બિલ રજૂ કરી શકે છે જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા અને ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હશે. સૂત્રોએ જણાવ્યું હતું કે પબ્લિક એક્ઝામિનેશન્સ (અયોગ્ય અર્થ નિવારણ) બિલ ૨૦૨૪ સોમવારે રજૂ કરવામાં આવી શકે છે પરંતુ તેના ઉપર અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. આ બિલને તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ એવું પણ કહેવાય રહ્યું છે કે પ્રસ્તાવિત બિલમાં વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં આવશે નહીં પરંતુ સંગઠિત અપરાધ, માફિયા અને તેમાં સંડોવાયેલા લોકો સામે કાર્યવાહી કરવાની જોગવાઈ છે. આ બિલમાં ઉચ્ચ સ્તરીય ટેકનિકલ સમિતિનો પણ પ્રસ્તાવ છે જે કોમ્પ્યુટરાઈઝડ પરીક્ષા પ્રક્રિયાને વધુ સુરક્ષિત બનાવવા માટે ભલામણો આપશે. તાજેતરમાં રાજસ્થાન ચૂંટણી પ્રચાર દરમ્યાન પેપર લીકનો મુદ્દો રાજકીય મુદ્દો બની ગયો હતો. આ કારણે અશોક ગેહલોત સરકારે રાજસ્થાન પબ્લિક એક્ઝામિનેશન એક્ટમાં સુધારો કરવો પડ્યો હતો. બજેટ સત્રની શરૂઆતમાં સંસદની સંયુક્ત બેઠકને સંબોધતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સરકાર પરીક્ષાઓમાં ગેરરીતિને લઈને યુવાનોની ચિંતાઓથી વાકેફ છે. તેથી આવી સમસ્યાઓનો કડકાઈથી સામનો કરવા માટે નવો કાયદો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાનું પેપર લીક દેશવ્યાપી સમસ્યા તરીકે ઉભરી આવ્યું છે. તેથી કેન્દ્રીય કાયદાની જરૂરિયાત અનુભવાઈ છે. ગુજરાત જેવા કેટલાક રાજ્યોએ આ જોખમનો સામનો કરવા કાયદા બનાવ્યા છે. ઉત્તરાખંડ, ગુજરાત અને રાજસ્થાને પેપર લીકની ઘટનાઓને રોકવા માટે કડક નવા કાયદા બનાવ્યા છે. અહીં ગુનેગારોને ૧૦ વર્ષની કેદથી લઈને આજીવન કેદ અને ૧ કરોડ રૂપિયાથી લઈને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. ઝારખંડમાં પેપર લીક થવા પર આજીવન કેદ અને ૧૦ કરોડ રૂપિયા સુધીનો દંડ થશે. રાજ્યપાલે આ નવા કાયદાને મંજૂરી આપી દીધી છે.

# બોર્ડના વિદ્યાર્થીઓનો તણાવ દૂર કરવા માટે શાળામાં પરીક્ષા એક પર્વ ઉજવાશે

અમદાવાદ, તા.૩

રાજ્યમાં શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીઓને તણાવ મુક્ત કરવા માટે પરીક્ષા એક પર્વ નામની નવી પહેલ શરૂ કરવામાં આવી છે. જેમાં બોર્ડની પરીક્ષા પહેલા સ્કૂલોમાં મોટીવેશનલ સ્પીકર તથા મનોવૈજ્ઞાનિક નિષ્ણાંતોની મુલાકાત દ્વારા પર્વની ઉજવણી કરવા માટે સુચના અપાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર તાજેતરમાં જ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી ધોરણ-૬થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓને ભયમુક્ત તેમજ તણાવમુક્ત પરીક્ષા આપવી તેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ બાદ હવે રાજ્યમાં આગામી દિવસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચ માસમાં યોજાનાર છે. જેથી દરેક જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષામાં વિષયલક્ષી તેમજ અન્ય મુશ્કેલીઓ માટે સારથી હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલી છે. સારથી હેલ્પલાઈન દ્વારા વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો જેવા કે વિષયલક્ષી પ્રશ્નો તેમજ માનસિક પ્રશ્નોના નિવારણ અર્થે નિષ્ણાંત વિષય શિક્ષકોની ટીમ તેમજ મનોચિકિત્સકની ટીમની રચના કરવામાં આવેલી છે. આ ટીમ દ્વારા સારથી હેલ્પલાઈન ઉપર આવનારા મેસેજ કે ફોન દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોનો ત્વરિત પ્રતિ ઉત્તર આપવામાં આવે છે. આમ આ હેલ્પલાઈન ઉપર વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી તમામ પ્રકારની મદદ મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલું છે. આ જ રીતે પરીક્ષા નજીક આવે ત્યારે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે અને ભયમુક્ત થાય તે હેતુથી શાળા દ્વારા પરીક્ષા એક પર્વ-૨૦૨૪ દરેક શાળામાં ઉજવાય તેવું આયોજન કરવા સ્કૂલોને પત્ર લખવામાં આવ્યો છે. કચેરી દ્વારા લખવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, પરીક્ષા એક પર્વમાં પ્રવૃતિઓ દ્વારા અને મોટીવેશનલ સ્પીકર-મનોવૈજ્ઞાનિક નિષ્ણાંતની મુલાકાત વિદ્યાર્થીઓ અને વાલીઓને કરાવી પરીક્ષા એક પર્વની ઉજવણી કરવાની રહેશે. તમામ શાળા દ્વારા નવી પહેલરૂપે કાર્યક્રમનું આયોજન કરવા તાકીદ કરવામાં આવી છે. શાળાઓમાં પરીક્ષા એક પર્વના કાર્યક્રમનું સ્વૈચ્છિક આયોજન શાળા દ્વારા અગામી દિવસોમાં યોજાય તે માટે પત્રમાં જણાવાયું છે.

# ભારત મુક્તિ મોરચા દ્વારા દિલ્હીમાં EVM હટાવો, લોકશાહી બચાવોની માંગણી સાથે વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી તા.૩

દિલ્હીમાં હજારો ભારતીયોએ સત્તાધારી ભારતીય જનતાર પાર્ટી દ્વારા ઈલેક્ટ્રોનિક વોટ મશીન (EVM)ના દુરૂપયોગ સામે અવાજ ઉઠાવતા તેમનો સામૂહિક આક્રોશ અને વિરોધ દર્શાવ્યો છે. ભારત મુક્તિ મોરચાના પ્રમુખ વામન મેશ્રામ ઈવીએમ સામે કેન્દ્રીય ચૂંટણી પંચના કાર્યાલયમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આપણા દેશમાં થઈ રહેલી અન્યાયી ચૂંટણીઓ સામે અવાજ ઉઠાવવા માટે હજારો લોકોની ભીડ જંતર મંતર ઉપર એકઠી થઈ છે. ભારત મુક્તિ મોરચા દ્વારા આ રેલીઓ આ સંસ્થા દ્વારા દેશભરમાં યોજવામાં આવતી જાગૃતિ રેલીઓનો એક ભાગ છે, જેને ‘EVM કૌભાંડનો પર્દાફાશ રાષ્ટ્રીય પરિવર્તનયાત્રા ભાગ ૨’ નામ આપવામાં આવ્યું છે. આ સામૂહિક પ્રયાસો દ્વારા તેઓ ભારતમાં લોકશાહીને બચાવવા માટે EVMને દૂર કરવાની માંગ કરી રહ્યા છે અને ચૂંટણીઓ પારદર્શક, મુક્ત અને ન્યાયી રીતે થાય છે તેની ખાતરી કરવા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા વહીવટી સલામતી, પ્રક્રિયાઓ અને સુરક્ષાની માંગ કરવામાં આવી છે. મેશ્રામના કહેવા પ્રમાણે, “EVM મશીન એ ચોરી છે, ચૂંટણી પંચ આ ચોરોનું નેતૃત્વ કરે છે”. મેશરામ, ઓલ ઈન્ડિયા બેકવર્ડ એન્ડ માઈનોરીટી કોમ્યુનિટી એમ્પ્લોઈઝ ફેડરેશન (BAMCEF)ના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે, તેમણે વિપક્ષી પાર્ટીઓ અને ઈન્ડિયા ગઠબંધનને પણ ઈવીએમ સામેના તેમના આંદોલનનો ભાગ બનવા માટે કહ્યું છે. આ વિરોધના સમર્થનમાં લાખો રીટ્વીટ અને પોસ્ટ્સ સાથે EVM હટાઓ દેશ બચાઓ (આપણા રાષ્ટ્રને બચાવવા માટે EVM દૂર કરો)ના હેશટેગ્સ X (ટ્વિટર) ઉપર ટ્રેન્ડ થઈ રહ્યું છે. NCT દિલ્હીના પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર પાલ ગૌતમ દ્વારા આપવામાં આવેલા ભાષણનો



વીડિયો પણ સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો છે. તેમના ભાષણમાં ગૌતમને એમ કહેતા સાંભળી શકાય છે કે, “મોદી સરકારના નેતાઓમાં ચૂંટણીમાં તેમની સીટોને લઈને આટલો આત્મવિશ્વાસ કેવી રીતે હોય છે? આ વખતે તેઓ કહી રહ્યા છે કે તેમને ૪૦૦ પ્લસ સીટો મળશે. તેઓને આટલો વિશ્વાસ છે કારણ કે આ ઈવીએમ ભારત ઈલેક્ટ્રોનિક લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યા છે. આ કંપનીનું નેતૃત્વ કરતા સાત ડિરેક્ટરોમાંથી ચાર ભાજપના નેતાઓ છે. EVMમાં વપરાતી માઈક્રો કંટ્રોલર ચિપ ભાજપના આ નેતાઓ દ્વારા ફિક્સ કરવામાં આવે છે જે સુનિશ્ચિત કરે છે કે અમારા મત ભાજપને જ જાય. તેઓ વોટ ફિક્સ કરી રહ્યા છે, તેઓ અમારા વોટ ચોરી રહ્યા છે. પરંતુ અમે, આંબેડકરના અનુયાયીઓ, અમારો મત આપવાનો અધિકાર આ રીતે છીનવા દઈશું નહીં. ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યા પછી અમને આ અધિકાર મળ્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સ્થાપક અને વડા શરદ પવારે પણ દિલ્હીમાં આ વિરોધમાં ભાગ લીધો હતો.

# તમારો ફોન 5G નેટવર્કને સપોર્ટ કરે છે કે કેમ તે કેવી રીતે તપાસવું તે અંગેની માર્ગદર્શિકા

(એજન્સી) તા.૩

ભારતમાં 5G નેટવર્ક સેવાઓ ઉપલબ્ધ છે અને તમારો ફોન આ હાઈસ્પીડ નેટવર્કને સપોર્ટ કરે છે કે કેમ તે તપાસવું જરૂરી છે. એરટેલ પહેલાથી જ અમુક વિસ્તારોમાં 5G શરૂ કરી ચૂક્યું છે અને અન્ય પ્રદાતાઓ પણ તેને અનુસરી રહ્યા છે. જો તમે તમારા ફોનની 5G સુસંગતતા વિશે ઉત્સુક છો, તો અમે એક ઝડપી માર્ગદર્શિકા આપી છે એ ચકાસવા માટે કે તમારો ફોન આ નેટવર્કને સપોર્ટ કરે છે કે કેમ. તમે સેટિંગ્સ ઉપર જાઓ પછી ‘નેટવર્ક’ અથવા ‘કનેક્શન્સ’ પસંદ કરો. ‘મોબાઈલ નેટવર્ક’ અથવા ‘પ્રિફર્ડ નેટવર્ક’ જુઓ ત્યાં તમને ‘5G’ અથવા ‘LTE- એડવાન્સ્ડ’ દેખાય છે તો અભિનંદન, તમારૂં ઉપકરણ 5G માટે તૈયાર છે. વૈકલ્પિક રીતે તમારા ફોનના મેન્યુઅલનો સંપર્ક કરો અથવા ચોક્કસ વિગતો માટે ઉત્પાદકની વેબસાઈટની મુલાકાત લો. 5G સાથે સંચારના ભાવિ સાથે જોડાયેલા રહો ! જો તમારી પાસે છેલ્લા બે વર્ષથી નવો ફેન્સી ફોન છે, તો તે સંભવિતપણે 5Gને સપોર્ટ કરે છે. Galaxy S21, iPhone A13 અને ૧૪ સિરીઝ, ROG Phone 5 અથવા 6, Realme GT Edition, y™u OnePlus 9 અથવા ૧૦ સિરીઝ જેવા ફોન બધા 5G-રેડી છે. જો તમારો ફોન થોડો જૂનો હોય તો પણ તે 5G સાથે કામ કરે તેવી શક્યતા છે. એ ખાતરી કરવા માટે તમારા ફોન સેટિંગ્સ અથવા મેન્યુઅલમાં વિગતો તપાસો. તમારી પાસે નવીનતમ મોડલ હોય કે જૂનું, તમે તમારા ઉપકરણ ઉપર 5Gની ઝડપનો અનુભવ કરી શકો એવી તક રહેલી છે !

**તમારો ફોન 5Gને સપોર્ટ કરે છે તે તપાસવાનાં પગલાં**

**સેટિંગ્સ ખોલો** :- તમારા ફોન ઉપર સેટિંગ્સ એપ્લિકેશન ખોલીને પ્રારંભ કરો.

**જોડાણો શોધો** :- ‘જોડાણો’ કહે છે તે શોધો અને તેના ઉપર ટેપ કરો.

**મોબાઇલ નેટવર્ક્સ ઉપર જાઓ** :-

કનેક્શન્સની અંદર ‘મોબાઈલ નેટવર્ક્સ’ શોધો અને ટેપ કરો.

**નેટવર્ક મોડ પસંદ કરો** :- ‘નેટવર્ક મોડ’ વિકલ્પ શોધો અને તેના ઉપર ટેપ કરો.

**5G માટે તપાસો** :- જો તમે ‘2G/3G/ 4G/5G (ઓટો કનેક્ટ) જુઓ છો’ તો તમારો ફોન 5G હેન્ડલ કરી શકે છે.

**ના તે 5G દર્શાવતો નથી ?** :- જો તમે ૫૪ વિના માત્ર ‘2G/3G/4G’ દેખાય છે તો તમારો ફોન 5G સપોર્ટ કરી શકતો નથી.

**5Gનેટવર્ક જોઈએ છે ?** :- જો તમને 5Gજોઈએ છે, તો સેટિંગ્સમાં ‘2G/3G/ 4G/5G (ઓટો કનેક્ટ)’ પસંદ કરો. જ્યારે તમારો ફોન આસપાસ હોય ત્યારે 5Gસિગ્નલ આપમેળે પકડી લેશે. તમારા ફોન ઉપર 5Gનો ઉપયોગ કરવા માટે જાણવા જેવી કેટલીક મુખ્ય બાબતો છે. પ્રથમ, ખાતરી કરો કે તમે જ્યાં છો ત્યાં 5G ઉપલબ્ધ છે. બીજું, તમારો ફોન અને સિમ કાર્ડ બંને ૫૪ને સપોર્ટ કરે છે કે કેમ તે તપાસો. છેલ્લે ખાતરી કરો કે તમારા ફોનનો નેટવર્ક મોડ 5G ઉપર સેટ છે. આ રીતે તમે તમારા સ્માર્ટફોન ઉપર સુપર-ફાસ્ટ 5G સેવાના લાભોનો આનંદ માણશો.

**ભારતમાં 5G નેટવર્ક વિશે** :-

ભારતમાં ૫૪નું આગમન કનેક્ટિવિટીના નવા યુગની શરૂઆત છે, જે દેશના ડિજિટલ લેન્ડસ્કેપમાં અપ્રતિમ ઝડપ અને કાર્યક્ષમતા લાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 5G સેવાઓનું ઉદ્‌ઘાટન કરવા સાથે, રિલાયન્સ જિયો, એરટેલ અને VI જેવી મોટી કેરિયર્સ સક્રિયપણે તેમના 5G નેટવર્કને વિસ્તૃત કરી રહી છે. એરટેલ પહેલેથી જ પસંદગીના પ્રદેશોમાં 5G લોન્ચ કરી ચૂક્યું છે. આ હાઈ-સ્પીડ ક્રાંતિમાં જોડાવા માટે ખાતરી કરો કે તમારો ફોન 5Gને સપોર્ટ કરે છે અને તમારા વિસ્તારમાં નેટવર્કની ઉપલબ્ધતા તપાસો. આ માત્ર મોબાઈલ ઈન્ટરનેટને જ નહીં બલ્કે ભવિષ્યવાદી ટેક્નોલોજીનો પાયો નાખે છે, નવીનતાને પ્રોત્સાહન આપે છે, આર્થિક વૃદ્ધિ કરે છે અને ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં કનેક્ટિવિટી સુધારે છે.

# ફેબ્રુઆરીમાં નરેન્દ્ર મોદીની UAEની મુલાકાત પહેલા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે

દુબઈ, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશાળ ભારતીય સમુદાય અને વિશાળ હિન્દુ મંદિરના સમર્પણ સમારોહ માટે ફેબ્રુઆરીના મધ્યમાં UAEની મુલાકાત લેવાના છે, ગલ્ફ રાષ્ટ્રમાં રહેલા ભારતીય મિશનના અધિકારીઓ આ બે મુખ્ય કાર્યક્રમોની તૈયારી કરી રહ્યા છે. મોદી ૧૩ ફેબ્રુઆરીએ અબુધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે ભારતીય સમુદાયના કાર્યક્રમ, અહલાન મોદી (હેલો મોદી)ને સંબોધિત કરવાના છે અને ૧૪ ફેબ્રુઆરીએ યુએઈની રાજધાની ખાતે BAPS હિંદુ મંદિરમાં એક સમર્પણ સમારોહમાં હાજરી આપવાના છે. BAPS સ્વામિનારાયણ સંસ્થા તરફથી જણાવવામાં આવ્યું છે કે, આ ધાર્મિક કેમ્પસનું બાંધકામ પૂર્ણ થવાનું છે, ત્યારે પરમ પવિત્ર મહંત સ્વામી મહારાજ અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ આ મંદિરનું ઉદઘાટન કરશે. વડાપ્રધાન મોદીની UAE મુલાકાતની હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. અહલાન મોદીના કાર્યક્રમ અંગે, UAEમાં ભારતના રાજદૂત, સંજય સુધીરે જણાવ્યું હતું કે તેઓ સ્વાગત સ્થળ ઉપર હજારો લોકોની ભીડ થશે એવી અપેક્ષા રાખે છે. વડાપ્રધાન મોદીએ તત્કાલીન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ હ્યુસ્ટન, ટેક્સાસમાં ‘હાઉડી, મોદી!’ નામના વિશાળ સમુદાયના કાર્યક્રમને સંબોધિત કર્યું હતું. અહી પ્રક્રિયાને સરળ બનાવવા માટે એક નોંધણી પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે અને સહભાગીઓ સ્થળ સુધી પહોંચવા માટે અમીરાતમાંથી પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમનું આયોજન UAEમાં ૧૫૦ ભારતીય સમુદાય સંગઠનો દ્વારા સહયોગથી કરવામાં આવી રહ્યું છે. ૪૦૦ સ્થાનિક પ્રતિભાઓ સાથેનો સાંસ્કૃતિક કાર્યક્રમ શો રજૂ કરવામાં આવશે. છેલ્લા ૩ વર્ષો દરમ્યાન રાજસ્થાન અને ગુજરાતના ૨,૦૦૦થી વધુ કારીગરોએ મંદિર માટે ૪૦૨ સફેદ આરસના સ્તંભો કોતર્યા છે. આ અગાઉ, પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે આમંત્રિત રાજદ્વારીઓને સંબોધતા, રાજદૂત સુધીરે જણાવ્યું હતું કે ૩.૫ મિલિયનથી વધુ ભારતીયો યુએઈને તેમનું પોતાનું ઘર કહે છે અને આ દેશના નેતાઓ દ્વારા આપવામાં આવેલા સ્નેહને આભારી છે. તાજેતરના વર્ષોમાં દ્વિપક્ષીય સંબંધોમાં સૌથી મહત્વપૂર્ણ વિકાસ એ અબુ ધાબીમાં BAPS હિંદુ મંદિરનું નિર્માણ છે. આ મંદિરનું ઉદઘાટન ૧૪મી ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવે તેવી અપેક્ષા છે, તે આધ્યાત્મિક હશે. અબુધાબીની બહારના ભાગમાં એક ટેકરીની ટોચ ઉપર આ મંદિર આપણા પૂર્વજો મહાત્મા ગાંધી અને શેખ ઝાયેદની આકાંક્ષા મુજબ શાંતિ અને સહિષ્ણુતાની કાયમી પરંપરાનું સાક્ષી બનશે. ૪૨ દેશોના રાજદૂતો માટે આ મંદિરનું પૂર્વાવલોકન કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના સ્વાગત પ્રવચનમાં, રાજદૂત સુધીરે કહ્યું કે, તે અશક્ય લાગતું હતું, પરંતુ આ સ્વપ્ન ખરેખર વાસ્તવિકતા બની ગયું છે. BAPS હિંદુ મંદિર પ્રોજેક્ટના વડા સ્વામી બ્રહ્મવિહારીદાસે આ મંદિરના ઐતિહાસિક મહત્વ, બાંધકામ પ્રક્રિયા વિશે વાત કરી હતી. તેમણે UAE અને ભારતીય નેતૃત્વ બંને પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. નેપાળના રાજદૂત તેજ બહાદુર છેત્રીએ આ મંદિરને “તીર્થભૂમિ“ તરીકે ઓળખાવ્યું હતું. યુનાઈટેડ કિંગડમના ડેપ્યુટી એમ્બેસેડરે જણાવ્યું હતું કે, આ સ્થાન અદભુત છે. અબુધાબીમાં પ્રથમ પરંપરાગત BAPS હિંદુ મંદિરનો પાયો ૨૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ નાખવામાં આવ્યો હતો. મે ૨૦૨૩માં, ૩૦થી વધુ દેશોના રાજદ્વારીઓએ આ નિર્માણાધીન મંદિર સ્થળની મુલાકાત લીધી હતી.

# રાજ્યમાં લસણ અને લીંબુના ભાવ આસમાને : કમરતોડ વધારો

અમદાવાદ, તા.૩

રાજ્યમાં ફરી એકવાર લસણના ભાવ આસમાને પહોંચ્યા છે. જેમાં લસણના ભાવમાં કમરતોડ વધારો થયો છે. અચાનક પ્રતિ કિલો લસણનો ભાવ રૂા.૪૦૦ થયો છે. લસણનો જૂનો ભાવ કિલોએ ૧૦૦ હતો. ત્યારે વેપારીઓ ૧૫થી ૨૦ દિવસ સુધી લસણના ભાવમાં કોઈ રાહત રહેશે નહીં તેમ જણાવી રહ્યા હોઈ ગૃહિણીઓની ચિંતામાં વધારો થશે. લસણના ભાવ વધતા સામાન્ય લોકોની રસોઈનો સ્વાદ ખરાબ થશે. દિવસેને દિવસે વધી રહેલા લસણના ભાવથી સામાન્ય લોકોની ચિંતામાં વધારો થયો છે. ગત વર્ષે આકાશે આંબેલા ભાવથી જયા ખેડૂતો તો માલામાલ થયા પણ બીજી તરફ ગરીબ લોકોની લસણના વધતા ભાવથી કમર તોડી નાખી હતી. વર્ષ ૨૦૨૪માં પણ લસણના ભાવ આકાશે આંબી રહ્યા છે. લસણના ભાવ ૪૦૦ રૂા.કિલો જ્યારે આદુ ૧૫૦થી ૨૦૦ થતા રસોઈનો સ્વાદ ખરાબ થઈ ગયો છે. એટલું જ નહીં કેટલાય લોકો મોંઘા હોવાના કારણે શાકમાં લસણ નાખવાનું ભૂલી ગયા છે ૧૦૦થી વધીને ૩૦૦ રૂપિયે કિલો સુધી લસણ વેચાતું હતું અને હવે બે ત્રણ દિવસમાં ૪૦૦ રૂપિયે કિલો સુધી ભાવ પહોંચી ગયા છે. ભર શિયાળે લીંબુના ભાવ જનતાને ખાટા લાગશે તેમ કહીએ તો નવાઈ નહીં. કારણ કે શાકભાજી માર્કેટમાં લીંબુના ભાવ રૂ.૧૦૦ કિલો થયા છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુની અસર લીંબુના ભાવ ઉપર વર્તાઈ છે. પહેલીવાર શિયાળાની ઋતુમાં લીબુના ભાવ વધ્યા હોય તેમ લાગી રહ્યું છે. હાલ અનેક વિસ્તારોમાં બેવડી ઋતુને લીધે માત્ર બે દિવસમાં જ લીંબુના ભાવ આસમાને પહોંચ્યા છે. સામાન્ય દિવસોમાં લીંબુ કિલોએ રૂા.૩૦થી ૪૦ મળતા હતા. જે લીંબુ કિલોએ રૂા.૧૦૦એ પહોચ્યા છે.

# કોંગ્રેસે અગ્નિપથ યોજના સામે જય જવાન અભિયાન શરૂ કર્યું


નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારના રોજ દેશના ૧.૫ લાખ યુવાનોને ન્યાય આપવા માટે જય જવાન ઝુંબેશની શરૂઆત કરી હતી જેમને સંરક્ષણ સેવાઓ માટે પસંદ કરવામાં આવ્યા હતા પરંતુ અગ્નિવીરોની ભરતી માટે અગ્નિપથ યોજના શરૂ કર્યા પછી જોડવાની મંજૂરી નથી. ગાંધીએ બિહારમાં ભારત જોડો ન્યાય યાત્રાના અઢારમા દિવસે ઝુંબેશ શરૂ કરી અને આ યુવાનોને વચન આપ્યું કે તેઓ દરેક મંચ ઉપર તેમની સાથે અન્યાયનો મુદ્દો ઉઠાવશે. અગ્નિવીર યોજનાના અમલીકરણને કારણે ૨૦૧૯ અને ૨૦૨૨ની વચ્ચે ભારતીય સેના, વાયુસેના અને નૌકાદળ માટે પસંદ કરાયેલા લગભગ ૧.૫ લાખ ઉમેદવારોને કથિત રીતે જોડાવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. ગાંધીએ કહ્યું અમારૂં જય જવાન અભિયાન એવા યુવાનોને સમર્પિત છે જેમણે આ અન્યાયનો સામનો કર્યો છે. તે લડાઈ ન્યાય માટેની છે. જય જવાન અભિયાનના ત્રણ તબક્કા હશે : જનસંપર્ક (૧-૧૮ ફેબ્રુઆરી), સત્યાગ્રહ (૫-૧૦ માર્ચ) અને પદયાત્રા (૧૭- ૨૦માર્ચ). દિલ્હીમાં AICC હેડક્વાર્ટર ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા પાર્ટીના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરા, પૂર્વ સૈનિક સેલના અધ્યક્ષ કર્નલ રોહિત ચૌધરી (નિવૃત્ત), ભારતીય યુથ કોંગ્રેસના પ્રમુખ શ્રીનિવાસ બીવી અને NSUI પ્રમુખ વરૂણ ચૌધરીએ જણાવ્યું હતું કે, અગ્નિપથ યોજના ફક્ત દેશના હિતોની વિરૂદ્ધ જ નહીં પરંતુ લાખો યુવાનોની મહત્વકાંક્ષાઓ સાથે પણ રમત રમી રહી છે. ખેરાએ પૂછ્યું કે, આ યોજના શરૂ કરતાં પહેલાં સંરક્ષણ નિષ્ણાતોનો અભિપ્રાય કેમ લેવામાં આવ્યો ન હતો. તેમણે કહ્યું કે, દેશને કરાર આધારિત સૈનિકો પરવડી શકે તેમ નથી. અગ્નિવીરો માટે ન તો નોકરીની ગેરંટી છે, ન તો નિયમિત સૈનિકોની જેમ શહીદ થયાની કોઈ ગેરંટી નથી, ખેરાએ ખુલાસો કર્યો કે ૬૦ લાખ યુવાનોએ પસંદગી માટે વિવિધ કસોટીઓ આપી હતી જેમાંથી ૧.૫ લાખની પસંદગી કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો હતો કે, સરકારે આ પસંદગી માટે પરીક્ષા ફી તરીકે કુલ ૧૦૦ કરોડ રૂપિયા વસૂલ્યા છે. ચૌધરીએ ચેતવણી આપી હતી કે, અગ્નિવીર યોજના દેશની સુરક્ષાને દાવ ઉપર લગાવવા જેવી છે. તેમણે કહ્યું કે, આ યોજનાની રજૂઆત પછી સંરક્ષણ દળોની સંખ્યા ત્રણ લાખ ઘટી ગઈ છે અને દાવો કર્યો હતો કે બીજા ૧૦ વર્ષમાં કુલ સંખ્યા ઘટીને માત્ર ૧૦ લાખ થઈ જશે. રશિયાની વાગનર આર્મીનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, ખાનગી સેનાઓ કોઈપણ યુદ્ધ જીતતી નથી. ચૌધરીએ કહ્યું કે, રશિયા યુક્રેનને હરાવી શક્યું નથી જેની પાસે નિયમિત સેના છે જ્યારે રશિયા ખાનગી સેના દ્વારા લડી રહ્યું છે. પાછળથી ટ્વિટર ઉપર હિન્દીમાં એક પોસ્ટમાં ગાંધીએ કહ્યું કે સશસ્ત્ર દળોમાં પહેલેથી જ પસંદ કરાયેલા ૧.૫ લાખ યુવાનોને અસ્થાયી ભરતી યોજના અગ્નિવીરના નામે લાચાર છોડી દેવા એ તેમની સાથે ગંભીર અન્યાય છે. તેમણે કહ્યું, આજે કટિહારમાં કેટલાંક ઉત્સાહી યુવાનો સાથે ચર્ચા થઈ હતી જેમણે સેવામાં જોડાવા માટે વર્ષોથી તપસ્યા કરી હતી. ગાંધીએ જણાવ્યું હતું કે, અગ્નિવીર યોજના માત્ર દેશભક્ત યુવાનો સાથે જ નહીં પરંતુ ભારતીય સૈન્ય સાથે જોડાયેલી દેશની પવિત્ર ભાવનાઓ સાથે પણ વિશ્વાસઘાત તેમણે લખ્યું, અમે આ યુવાનો સાથે થઈ રહેલા અન્યાય સામે ન્યાયનો અવાજ ; જય જવાન અભિયાન શરૂ કર્યું છે. તમે પણ jayjawan.inની મુલાકાત લઈને અથવા ૯૯૯૯૮૧૨૦૨૪ ઉપર મિસ્ડ કોલ આપીને આ દેશભક્ત યુવાનો માટે ન્યાય માટે ચાલી રહેલા આ અભિયાનનો ભાગ બની શકો છો.

# ગુજરાત રાજ્યમાં ફેબ્રુઆરીમાં ગરમી વધે તેવી શક્યતા

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં આજે ઠંડીનો અનુભવ ઓછો થઈ રહ્યો છે. ત્યારે શું ગુજરાતમાંથી ઠંડી ગાયબ થઈ જશે? આના જવાબમાં અમદાવાદ હવામાન કેન્દ્ર દ્વારા ગુજરાતના વાતાવરણ અંગે આગાહી કરવામાં આવી છે. નોંધનીય છે કે, રાજ્યના અમુક વિસ્તારમાં વાદળ છાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. વહેલી સવારે ધુમ્મભર્યુ વાતાવરણ જોવા મળે છે. અને વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદ હવામાન કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિકના જણાવ્યા પ્રમાણે, આગામી ૫ દિવસ વાતાવારણ સુકુ રહેશે. રાજ્યમાં પશ્ચિમ ઉતર પશ્ચિમના પવન ફુકાઈ રહ્યો છે. આગામી ૫ દિવસ તાપમાન યથાવત રહેશે. જોકે પશ્ચિમ તરફના પવનો આવતા હોવાના કારણે વાદળ છાયુ વાતાવરણ રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, વરસાદની કોઈ શક્યતા નથી. હવે તાપમાનમાં બહુ ફેરફાર જોવા નહી મળે. કારણ કે ફેબ્રુઆરીના બીજા સપ્તાહથી તાપમાનમાં પણ ધીમે ધીમે વધારો થશે. વહેલી સવારે ધુમ્મભર્યુ વાતાવરણ જોવા મળે છે અને વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ગુરૂવારના તાપમાનની વાત કરીએ તો, અમદાવાદનુ લઘુતમ તાપમાન ૧૮ ડીગ્રી નોંધાયુ છે. જે સામાન્ય કરતા ૫ ડિગ્રી ઉંચુ નોંધાયુ છે. તો વડોદરાનુ લઘુતમ તાપમાન ૧૭ ડીગ્રી નોંધાયુ છે. જે સામાન્ય કરતા ૩ ડિગ્રી ઉંચુ નોંધાયુ છે. ભુજનુ લઘુતમ તાપમાન ૧૭.૩ ડીગ્રી નોંધાયુ છે. જે સામાન્ય કરતા ૬ ડિગ્રી ઉંચુ તાપમાન છે. ડીસાનુ લઘુતમ તાપમાન ૧૬.૮ ડિગ્રી નોંધાયુ છે જે સામાન્ય કરતા ૬ ડિગ્રી તાપમાન ઊંચુ છે. જોકે ચાલુ વર્ષે શિયાળામાં લઘુતમ તાપમાન સામાન્ય કરતા ઊંચુ રહ્યુ છે અને કોલ્ડવેવની ફિક્વન્સી પણ ઘટી ગઈ છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી આપતા જણાવ્યુ છે કે, ૨ અને ૩ ફેબ્રુઆરી દરમિયાન સામાન્ય ઝાકળ જોવા મળી શકે છે. જે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં જોવા મળી શકે છે. જોકે, સૌરાષ્ટ્ર-કચ્છ અને બનાસકાંઠાના પશ્ચિમ ભાગોમાં ઝાકળની અસર પ્રમાણમાં વધુ હશે. ઝાકળવર્ષા અને વાદળછાયું વાતાવરણ થયું તેના કારણે ખેડૂતોને શિયાળુ પાકમાં નુકસાન થયું છે. જેમાં ખાસ કરીને જીરુના પાકમાં ઝાકળના કારણે ચર્મીનું પ્રમાણ વધવા લાગ્યું છે. આ સાથે તેમણે જણાવ્યું કે વાદળછાયું વાતાવરણથી ૨ ફેબ્રુઆરીથી જ છૂટકારો મળી શકે છે. જોકે, પશ્ચિમ સૌરાષ્ટ્ર અને કચ્છમાં વધારે પડતા ઘાટાં વાદળો જોવા મળી શકે છે.



## મેટ્રો અને નમો રેલને અન્ય શહેરોમાં પણ શરૂ કરાશે

# સામાન્ય ટ્રેનોના કોચ બદલીને વંદે ભારત જેવા બનાવવા તૈયારી




નવી દિલ્હી, તા.૩

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે વચગાળાનું બજેટ રજૂ કરી દીધું છે. લગભગ એક જ કલાકના ભાષણમાં તેમણે આ વખતે લોકોને આકર્ષિત કરે તેવી લોભામણી જાહેરાતો કરવાથી કિનારો કરી લીધો હોય તેવું દેખાયું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારનું છઠ્ઠું બજેટ રજૂ કર્યું હતું. ચૂંટણી પૂર્વેના બજેટને વચગાળાનું બજેટ કહેવાય છે. બજેટ ભાષણ પૂરું થયા બાદ હવે ગૃહની કાર્યવાહીને આવતીકાલ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. નાણામંત્રીએ આ બજેટમાં ટ્રાન્સપોર્ટ અને રેલવે માટે મોટી જાહેરાતો કરી છે. સરકાર સામાન્ય ટ્રેનોના કોચ બદલીને વંદે ભારત જેવા બનાવવાની તૈયારી કરી રહી છે.

આ ઉપરાંત મેટ્રો અને નમો રેલને અન્ય શહેરોમાં પણ શરુ કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી સંસદમાં પ્રથમ વખત અને કુલ છઠ્ઠી વખત બજેટ રજૂ કર્યું હતું. આ બજેટ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, "યાત્રીઓની સલામતી, સુવિધા અને આરામ માટે ૪૦,૦૦૦ સામાન્ય રેલવે કોચને વંદેભારત ટ્રેનના કોચની જેમ અપગ્રેડ કરવામાં આવશે. આ સાથે નાણામંત્રીએ ઊર્જા, ખનીજ અને સિમેન્ટ માટે ત્રણ નવા રેલ કોરિડોર બનાવવાની પણ જાહેરાત કરી છે, આ કોરિડોરની ઓળખ પીએમ ગતિ શક્તિ હેઠળ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આ કોરિડોરથી ખર્ચમાં ઘટાડો થશે અને માલસામાનની હેરફેરમાં સરળતા રહેશે. આ ઉપરાંત ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું કામ પણ ચાલી રહ્યું છે જે દેશનો વિકાસ દર વધારવામાં પણ મદદ કરશે.

# ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને વિના મૂલ્યે સર્વાઈકલ કેન્સરની રસી અપાશે

નવી દિલ્હી, તા.૩



નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મોદી સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કરી રહ્યા છે. આ બજેટમાં ખેડૂતો અને મહિલાઓ માટે મહત્ત્વની જાહેરાતો કરવામાં આવી રહી છે. લોકસભાની ચૂંટણી પહેલાં છેલ્લું-વચગાળાનું બજેટકેન્દ્ર સરકાર હ્યુમન પેપિલોમા વાયરસ અથવા એચપીવી રસી-સીઈઆરવી એવીએસીને લાગુ કરવા માટે તૈયાર બજેટ ભાષણમાં નાણામંત્રી નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકાર મિશન સર્વાઈકલ કેન્સર રસીકરણને પ્રોત્સાહન આપશે. ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને વિનામૂલ્યે રસી આપવામાં આવશે. સર્વાઈકલ કેન્સરની વધતી સંખ્યાને ઘટાડવા માટે, કેન્દ્ર સરકાર હ્યુમન પેપિલોમાવાયરસ અથવા એચપીવી રસી-સીઈઆરવીએવીએસીને લાગુ કરવા માટે તૈયાર છે. નિષ્ણાતોના મતે, સર્વાઈકલ કેન્સર ભારતમાં બીજા નંબરનું સૌથી સામાન્ય કેન્સર છે.

દર વર્ષે દેશમાં ૧,૨૦,૦૦૦થી વધુ મહિલાઓ સર્વાઈકલ કેન્સરનો ભોગ બને છે. તેમાંથી વાર્ષિક અંદાજે ૭૭,૦૦૦ મહિલાઓ મૃત્યુ પામે છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. કેન્દ્ર સરકારે સર્વાઈકલ કેન્સરની રસી એચપીવી ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવી છે. કેન્દ્ર સરકાર ત્રણ વર્ષમાં ત્રણ તબક્કામાં કામ કરશે અને એવી અપેક્ષા છે કે અભિયાનનો બીજો તબક્કો આ વર્ષના ઉત્તરાર્ધમાં શરૂ થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર પાસે પ્રથમ તબક્કા માટે જરૂરી રસીના ૬.૫થી ૭ કરોડ ડોઝનો સ્ટોક છે.

# સાઉદી બ્રિક્સમાં જોડાઈ રહ્યું છે કે તે માત્ર હાલ વિચારી જ રહ્યું છે?

નવી દિલ્હી તા. ૩

**BRICS** એ વિશ્વભરની ઉભરતી અર્થવ્યવસ્થાઓનું વૈશ્વિક પ્લેટફોર્મ છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા તેના પાંચ સભ્ય દેશો છે, પરંતુ હવે કેટલાક નવા સભ્યો પણ તેમાં જોડાયા છે. યુએઈ, ઈજિપ્ત, ઈરાન અને ઈથોપિયાને લઈને કોઈ મૂંઝવણ નથી, પરંતુ સાઉદી અરેબિયાને લઈને થોડી મૂંઝવણ છે. સવાલ એ છે કે સાઉદી બ્રિક્સમાં જોડાયું છે કે પછી તે હાલ વિચારી જ રહ્યું છે? ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ સાઉદીએ હજુ પણ બ્રિક્સમાં સામેલ થવા અંગે ઔપચારિક રીતે કંઈ કહ્યું નથી. સાઉદીના એક અધિકારીએ ન્યૂઝ એજન્સીને આ વાત જણાવી છે. આ બાબત પોતાનામાં થોડી વિચિત્ર છે કારણ કે સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી નાલેદી પાંડોરે દાવો કર્યો હતો કે સાઉદી કિંગડમ બ્રિક્સ જૂથમાં સામેલ થઈ ગયું છે. ગત વર્ષે ઓગસ્ટમાં બ્રિક્સે સાઉદી અરેબિયા, યુએઈ, ઈજિપ્ત, ઈરાન, આર્જેન્ટિના અને ઈથોપિયાને ૧ જાન્યુઆરીથી આ વૈશ્વિક પ્લેટફોર્મમાં જોડાવા માટે આમંત્રણ મોકલ્યું હતું. પાછળથી ગયા વર્ષે, જ્યારે આર્જેન્ટિનામાં સત્તા પરિવર્તન થયું, એટલે કે, જેવિયર મિલી નવા રાષ્ટ્રપતિ બન્યા, તેમણે કહ્યું કે આર્જેન્ટિના હવે આ જૂથનો ભાગ નહીં હોય. ત્યારે આર્જેન્ટિનાના નિર્ણયને ચીનના વિરોધમાં અમેરિકાનું સમર્થન ગણાવાયું હતું. ઝેવિયરને ચીન વિરોધી માનવામાં આવે છે. તે પોતાને અરાજક-મૂડીવાદી કહે છે. બ્રિક્સમાં વધુ દેશોના સમાવેશથી તેને આર્થિક રીતે વધુ મજબૂતી મળશે. બ્રિક્સ ગ્લોબલ સાઉથના ચેમ્પિયન તરીકે ઉભરી આવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ નવા દેશોના સમાવેશ બાદ બ્રિક્સના આ પ્રયાસને પાંખો મળશે. જો કે, વર્તમાન પરિસ્થિતિ, જ્યાં ફેબ્રુઆરી આવ્યા પછી પણ આર્જેન્ટિનાના ઈનકાર અને સાઉદી અરેબિયાની માત્ર વિચારણા, જૂથની સમસ્યાઓમાં વધારો કરી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બ્રિક્સના કદમાં વધારો થવાને કારણે વૈશ્વિક વ્યવસ્થામાં ફેરફાર થઈ શકે છે. ફૈઝલ અલીબ્રાહિમ હાલમાં સાઉદી અરેબિયાના અર્થતંત્ર સંબંધિત બાબતોના મંત્રી છે. તેણે ગયા મહિને જ કહ્યું હતું કે સાઉદી અરેબિયા હજુ પણ આ મામલે તપાસ કરી રહ્યું છે. તેણે હજુ જોડાવાનું નક્કી કર્યું નથી. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ છે. રિયાદ વાસ્તવમાં ચીન, રશિયા અને અમેરિકા વચ્ચેના ભૌગોલિક-રાજકીય તણાવમાં શું વલણ અપનાવવું તે અંગે ચિંતિત છે. જો સાઉદી બ્રિક્સ સાથે આવે છે.

# ઈઝરાયેલ સાથે સહઅસ્તિત્વ ધરાવતા સ્વતંત્ર પેલેસ્ટાઈનના વિચારને સમર્થન આપ્યું

નવી દિલ્હી તા. ૩


બ્રિટનના ટોચના રાજદ્વારીએ ગુરુવારે જણાવ્યું હતું કે ગાઝામાં યુદ્ધવિરામ પછી ઈઝરાયેલ અને પેલેસ્ટિનિયનો વચ્ચે વર્ષોથી ચાલેલી વાટાઘાટોના પરિણામની રાહ જોયા વિના તેમનો દેશ સત્તાવાર રીતે પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપી શકે છે. વિદેશ સચિવ ડેવિડ કેમરોને પ્રાદેશિક તણાવ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેબનોનની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે જ્યાં સુધી હમાસ ગાઝામાં રહેશે ત્યાં સુધી તેને માન્યતા મળી શકે નહીં. ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન કેમેરોને કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સહિત પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાજ્ય તરીકે બ્રિટનની માન્યતા એ પ્રક્રિયાની શરૂઆત ન હોઈ શકે, પરંતુ તે તેનો અંત નથી. કેમેરોને કહ્યું કે આ કંઈક હોઈ શકે છે જેને આપણે આ પ્રક્રિયા તરીકે માનીએ છીએ, કારણ કે તે ઉકેલ તરફ આગળ વધે છે, વધુ વાસ્તવિક બને છે. આપણે પેલેસ્ટિનિયન લોકોને તેમના પોતાના દેશનું સારું ભવિષ્ય બનાવવાની મંજૂરી આપવાની જરૂર છે. તેમણે કહ્યું કે આ સંભાવના પ્રદેશની લાંબા ગાળાની શાંતિ અને સુરક્ષા માટે એકદમ મહત્વપૂર્ણ છે. બ્રિટન, યુએસ અને અન્ય પશ્ચિમી દેશોએ પ્રદેશના સૌથી મુશ્કેલ સંઘર્ષના ઉકેલ તરીકે ઈઝરાયેલ સાથે સહઅસ્તિત્વ ધરાવતા સ્વતંત્ર પેલેસ્ટાઈનના વિચારને સમર્થન આપ્યું છે. પરંતુ તેણે એમ પણ કહ્યું કે પેલેસ્ટાઈનની સ્વતંત્રતા વાટાઘાટોના ઉકેલના ભાગરૂપે આવવી જોઈએ. ૨૦૦૯ પછી કોઈ નક્કર વાતચીત થઈ નથી. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ, તેમના ભાગ માટે, યુદ્ધ પછી સ્વતંત્ર પેલેસ્ટિનિયન રાજ્યની રચનાને જાહેરમાં નકારી કાઢી છે. તાજેતરના અઠવાડિયામાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે



તેણે પેલેસ્ટિનિયન રાજ્યનો દરજ્જો રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઈઝરાયેલના કેટલાક મુખ્ય સાથીઓની ખરીદી વિના પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપવાનું પગલું ઈઝરાયેલને અલગ કરી શકે છે અને તેના પર મંત્રણામાં આવવા માટે દબાણ લાવી શકે છે. કેમરને કહ્યું કે પહેલું પગલું ગાઝામાં લડાઈ રોકવાનું હોવું જોઈએ, જે આખરે કાયમી યુદ્ધવિરામ તરફ દોરી જશે. તેમણે કહ્યું કે તેમનો દેશ પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપે તે માટે, હમાસ આતંકવાદી જૂથના નેતાઓએ ગાઝા છોડવું પડશે કારણ કે તમારી પાસે બે-રાજ્ય ઉકેલ હોઈ શકે નહીં. કારણ કે ગાઝા હજુ પણ ઑક્ટોબર ૭ માટે જવાબદાર લોકો દ્વારા નિયંત્રિત છે. હમાસે અત્યાર સુધી એવું વલણ અપનાવ્યું છે કે તેના નેતાઓ યુદ્ધવિરામ કરાર હેઠળ એક્લેવ છોડશે નહીં. કેમેરોને કહ્યું કે તેમનો દેશ લેબનોન-ઈઝરાયેલ સરહદ પર તણાવ ઓછો કરવાની યોજના પણ પ્રસ્તાવિત કરી રહ્યો છે, જ્યાં લેબનાનના આતંકવાદી જૂથ હિઝબુલ્લાહ અને ઈઝરાયેલી દળો છેલ્લા ચાર મહિનાથી દરરોજ ગોળીબાર કરી રહ્યા છે, જેનાથી વ્યાપક યુદ્ધની આશંકા વધી રહી છે. તેમણે કહ્યું કે આ યોજનામાં બ્રિટન લેબનીઝ સેનાને સરહદી વિસ્તારમાં વધુ સુરક્ષા કાર્ય કરવા માટે તાલીમ આપવાનો સમાવેશ કરશે.

# બાળકો પર પ્રતિકૂળ અસર અંગે ટીકટોક સામે કેસ દાખલ કરાયો

## આ મામલે ઘણાં માતા-પિતાએ ટીકટોકને ડિજિટલ યુગના તંબાકુ કરતા પણ વધુ ખતરનાક નશો ગણાવ્યો




વોશિંગ્ટન, તા. ૩

ચાઈનીઝ એપ ટીકટોકસામે અમેરિકામાં હજારો માતા-પિતા એકજૂટ થઈ ગયા છે. બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર આ એપની પ્રતિકૂળ અસરો અંગે ૫,૦૦૦થી વધુ માતા-પિતાએ ટીકટોકસામે કેસ દાખલ કરી દીધો છે. ટીકટોકએપ એક સમયે અમેરિકામાં તેના મનોરંજક કન્ટેન્ટ માટે ખૂબ જ લોકપ્રિય હતી. ઉલ્લેખનીય છે કે આ એપ ભારતમાં પ્રતિબંધિત છે. આ મામલે ઘણાં માતા-પિતાએ ટીકટોકને ડિજિટલ યુગના તંબાકુ કરતા પણ વધુ ખતરનાક નશો ગણાવ્યો છે. આ એપને ટીનેજરોના માનસિક સ્વાસ્થ્ય પર માઠી અસર માટે જવાબદાર ગણાવાઈ રહી છે. હવે તેની સામે તપાસ શરૂ થઈ ચૂકી છે. ટીકટોકસામે કાનૂની કાર્યવાહીની શરૂઆત **Claimshero.io** ના નેતૃત્વમાં થઈ હતી જે હવે આગળ વધતી જઈ રહી છે. હજારો માતા-પિતા ચીનની માલિકી હેઠળની દિગ્ગજ કંપની સામે કાર્યવાહીની માગ કરી રહ્યા છે. અમેરિકાના કનેક્ટિકટ રાજ્યના હર્ટફોર્ડની વતની બ્રિટની એડવર્ડ્સ પણ ટીકટોકસામે કેસ દાખલ કરનારા માતા-પિતામાં સામેલ છે. તે કહે છે કે મારી દીકરીને ટીકટોકની લત લાગી ગઈ છે. મેં તેની ટીકટોકપોસ્ટમાં એવું પણ જોયું કે જેનાથી લાગ્યું કે તે પોતાની જાતને નુકસાન પહોંચાડી શકે છે. તેના પછી મને આ એપના નુકસાન વિશે આભાસ થયો. માહિતી અનુસાર કેસમાં દાવો કરાયો હતો કે ટિક ટોકે જુલાઈ ૨૦૨૩માં એક વિવાદિત પગલું ભરતાં નવો નિયમ લાગુ કર્યો હતો જેમાં દાવો કર્યો કે કોઈ પણ માતા-પિતા તેમના બાળકના ટિકટોક પર એકાઉન્ટ બનાવાયાના એક વર્ષ બાદ પ્લેટફોર્મ સામે કોઈપણ પ્રકારનો દાવો નહીં કરી શકે.

# ૮ વર્ષથી જૂના વાહનો સ્ક્રેપમાં મોકલાશે તો તમામ બાકી માફ

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજ્યનું બજેટ આજે નાણામંત્રી કનુ દેસાઈએ વિધાનસભામાં રજૂ કર્યું હતું. આ વખતનું બજેટ ગુજરાતનું સૌથી મોટું બજેટ હતું. જેમાં અનેક પ્રજાલક્ષી જાહેરાતો કરવામાં આવી હતી. ત્યારે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવાના ઉદ્દેશથી વ્હિકલ સ્ક્રેપિંગ નીતિની દેશવ્યાપી જાહેરાત કરવામાં આવી હતી. સ્ક્રેપિંગ નીતિનો મુખ્ય હેતુ વાહન પ્રદૂષણના કારણે પર્યાવરણને થતી હાનિ અટકાવી, વાહનોની ખામીના કારણે થતા માર્ગ અકસ્માતમાં ઘટાડો કરી લોકોને વધુ ફ્યુઅલ એફિસિયન્ટઅને પર્યાવરણની દૃષ્ટિએ લાભદાયી વાહનો ખરીદવા પ્રેરિત કરવાનો છે. આ હેતુસર રીકરીંગ વેરો ચૂકવતા વાહન માલિકો પોતાના ૮ વર્ષથી જૂના વાહનો જો નોંધાયેલા વ્હિકલ સ્ક્રેપર્સ મારફતે સ્ક્રેપ થવા મોકલશે તો તેવા તમામ વાહનો પર બાકી મોટર વાહન વેરો, વ્યાજ, દંડ અને મોટર વ્હિકલ એક્ટ હેઠળના કોઈ ચલણ પડતર હોય તો તેની વસૂલવાપાત્ર માંડવાળ ફી સહિત તમામ જવાબદારી માફ કરવા એક વર્ષ માટે માફી યોજના લાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ નિર્ણય થકી અંદાજે ૫૨૦૦૦ વાહન માલિકોને રૂપિયા ૭૦૦ કરોડની રાહત થશે. તેઓ પણ આ વાહનને સ્ક્રેપ કરાવી તેની સામે અદ્યતન ટેકનોલોજીવાળા નવા વાહનો ખરીદવા પ્રેરિત થશે. જેના કારણે સરકારની કર આવકમાં પણ વધારો થશે.

# બિગ બોસે ચમકાવી દીધી પાંચ એક્ટર્સની કિસ્મત

મુંબઈ તા. ૩




આજે ૫ એવા કન્ટેસ્ટન્ટ્સ વિશે જણાવી રહ્યાં છીએ જે ભલે 'બિગ બોસ'ના વિજેતા ન બની શક્યા પરંતુ આ શોએ આ એક્ટર્સની કિસ્મત ચમકાવી દીધી. આ શોથી ઘર-ઘરમાં લોકપ્રિયતા હાંસેલ કરી ચુકેલા આ સ્ટાર્સને સલમાન ખાન સાથે ફિલ્મમાં કામ કરવાનો મોકો મળ્યો. આ લિસ્ટમાં સૌથી પહેલા નામ શહેનાઝ ગિલનું છે. પંજાબની કેટરિના કૈફ કહેવાતી શહેનાઝ ગિલ હવે આખા દેશમાં પોતાના નામથી ફેમસ છે. આ એક્ટ્રેસ 'બિગ બોસ' વિનર બની ન હતી, પરંતુ તેણે પોતાના શાનદાર પ્રદર્શનથી આખા દેશનું દિલ જીતી લીધું હતું. શહેનાઝ ગિલ પાછલા વર્ષે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'માં જોવા મળી હતી. એક્ટ્રેસે સલમાન ખાનની આ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યુ હતું. તે બાદ તે 'થેંક યૂ ફોર કમિંગ' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી ચુકી છે. બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલના ભાઈ અસ્મિત પટેલે પણ ઈન્ડસ્ટ્રીમાં ડગલું માંડ્યુ હતું. તે 'બિગ બોસ'ની ચોથી સીઝનમાં જોવા મળ્યો હતો. તે શો જીતી શક્યો ન હતો પરંતુ અસ્મિત પટેલ સલમાન ખાનની ફિલ્મ 'જય હો'માં જોવા મળ્યો હતો. તે આ ફિલ્મમાં સલમાન ખાનના મિત્રના રોલમાં જોવા મળ્યો હતો. નોરા ફતેહી આજે પોતાની એક્ટિંગ માટે નહીં પરંતુ પોતાના ડાન્સ પરફોર્મન્સ માટે જાણીતી છે. નોરા ફતેહી પણ ટીવીના આ પોપ્યુલર રિયાલીટી શોનો ભાગ રહી ચુકી છે. તે સીઝન ૯ની કન્ટેસ્ટન્ટ હતી અને તે સલમાન ખાનની ફિલ્મ 'ભારત'માં કામ કરી ચુકી છે.

એક્ટ્રેસ સના ખાન હવે અભિનયની દુનિયાથી દૂર થઈ ચુકી છે. 'બિગ બોસ ૬'ની કન્ટેસ્ટન્ટ રહી ચુકેલી સના ખાન પણ સલમાન ખાનની ફિલ્મ 'જય હો'માં જોવા મળી ચુકી છે. 'બિગ બોસ'થી ઘર-ઘરમાં ફેમસ થયેલો એક્ટર અરમાન કોહલી પણ સલમાન ખાનની બિગ બજેટ ફિલ્મનો ભાગ રહી ચુક્યો છે. તે ફિલ્મ 'પ્રેમ રતન ધન પાયો'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેણે નેગેટિવ રોલ કર્યો હતો.

# આવતીકાલે ૧૬મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા

## દેશભરમાંથી આવેલા ૫૦૬ સ્પર્ધકો ગિરનારને સર કરવા દોટ મુકશે : ભારે ઉત્સાહ



જૂનાગઢ તા.૩


૧૬મી અખિલ ભારતીય આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તા.૪ ફેબ્રુઆરીએ યોજાનાર આ સ્પર્ધામાં દેશભરના ચાર કેટેગરીમાં કુલ-૫૦૬ સ્પર્ધકો ગિરનાર સર કરવા માટે દોટ મૂકશે.

કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ ગઈકાલે કલેકટર કચેરી ખાતે સંબંધિત અધિકારીઓ સાથે આ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા માટે જરૂરી વ્યવસ્થાઓ સંદર્ભે પરામર્શ કર્યો હતો અને દિશાસૂચક માર્ગદર્શન આપ્યું હતું.

આ સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત હરિયાણા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને દિવ-દમણ પ્રદેશના ૪ કેટેગરીમાં ૫૦૬ સ્પર્ધકો ભાગ લશે. જુનિયર ભાઈઓ તથા સિનિયર ભાઈઓ મળીને ૩૧૮ અને સિનિયર તથા જુનિયર બહેનો મળીને ૧૮૮ બહેનો ગરવા ગિરનારને સર કરવા માટે દોટ મુકશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાએ જણાવ્યું હતું.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ મેડીકલ ફીટનેશનુ પ્રમાણપત્ર મેળવવુ જરૂરી રહે છે. જેથી ગઈકાલે કેટલાંક આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ ચેક અપ કરાવ્યું હતું. આ મેડીકલ ચેક અપ સ્પર્ધકો આજ તા.૩-૨-૨૦૨૪ના રોજ પણ કરાવી શકશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે ગિરનાર સ્પર્ધામાં વિજેતાઓને અપાતી ઈનામી રાશીમાં ખૂબ મોટો વધારો કર્યો છે. જેથી સ્પર્ધકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા થનારને રૂ. ૧ લાખની ઈનામી રાશી આપવામાં આવશે.



## ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ઈનામી રાશિમાં વધારાથી સ્પર્ધકોનો ઉત્સાહ બેવડાયો

### જૂનાગઢ અને ગિરનાર તળેટીનું ખુશનુમા વાતાવરણ ખૂબ પસંદ પડ્યું છે : સ્પર્ધક ગીતા કુમારી,બિહાર

જૂનાગઢ તા.૩

૧૬મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટે બિહાર, ઉત્તરપ્રદેશ, હરિયાણા વગેરે રાજયમાંથી સ્પર્ધકો જૂનાગઢ આવી ચૂકયા છે. બિહારના સમસ્તીપુરથી આવેલ ગીતા કુમારી જણાવે છે કે, જૂનાગઢ અને ગિરનાર તળેટીનું આ ખુશનુમા વાતાવરણ ખૂબ પસંદ પડ્યું છે.

તેમણે કહ્યું કે ગુજરાત સરકારે આ વર્ષે ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની ઈનામી રાશિમાં ખૂબ મોટો વધારો કર્યો છે. જેથી સ્પર્ધકોનો ઉત્સાહ બેવડાયો છે.

તેમણે એમ પણ કહ્યું કે, સ્પર્ધામાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી બિહાર રાજ્યનું નામ રોશન કરવા માંગુ છું. તેવા જ એક બિહારના સ્પર્ધક મોહમ્મદ નિઝામુદ્દીન કહે છે કે, પ્રથમ વાર ગિરનાર આરોહણ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યો છું. અહીંયા આવાસ અને ભોજનની ખુબ સરસ વ્યવસ્થા છે તેમ જણાવતા આ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

રાજસ્થાનથી આવેલ શ્રી નિલેશ સૈની કહે છે, આ સ્પર્ધામાં સફળતા મેળવવા માટે સખત મહેનતની સાથે સતત પ્રયત્નો પણ ખૂબ જરૂરી છે. આમ, ગરવા ગિરનારને સર કરવા માટે સ્પર્ધકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## જૂનાગઢમાં નરસિંહ વિદ્યામંદિરમાં ભડકાઉ ભાષણ મામલે ત્રણ સામે ગુનો નોંધાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ કોર્ટ પાસે આવેલી નરસિંહ વિદ્યા મંદિર હાઈસ્કુલના મેદાનમાં ગત તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ રાત્રે ૮ થી ૧૨:૩૦ દરમ્યાન મુંબઈ રહેતા મૌલાના સલમાન અઝહરીના ભાષણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેમણે ઉશ્કેરણી ફેલાવે એવું ભડકાઉ ભાષણ કર્યું હતું. ગઈકાલે આ ભડકાઉ ભાગનો વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થવા સાથે ભારે ચર્ચામાં રહ્યો હતો. આ બનાવમાં પોલીસે શુક્રવારે જાતે ફરીયાદી બનીને ગુનો નોંધ્યો છે. જૂનાગઢ બી ડીવિઝનના પીએસઆઈ એસ. એ. સાંગાણીએ મહમદયુસુફભાઈ હબીબભાઈ મલેક(ઉ.વ.૫૭, રે. મૂળ નાયકવાડા મસ્જીદ પાછળ, ઝાલોરાપા રોડ અને હાલ કેમ્બ્રિજ સ્કુલ પાછળ યમુના સોસાયટી), અજીમભાઈ હબીબભાઈ ઓડેદરા (રે. બી ડીવિઝન પોલીસ સ્ટેશન સામે) અને મૌલાના સલમાન અઝહરી (રે.મુંબઈ) સામે ગુનો નોંધ્યો છે. જેમાં આઈપીસી ૧૫૩ (ખ), ૫૦૫ (૨), ૧૮૮ અને ૧૧૪ ની કલમો લગાડાઈ છે. આ કાર્યક્રમમાં ભાષણના ભડકાઉ અને લોકોને ઉશ્કેરી શકે એવા ભાગને લઈને તેમજ કાર્યક્રમ મંજૂરી કરતાં મોડે સુધી ચાલુ રાખવા અંગે જાહેરનામા ભંગને લઈને કલમો લગાડવામાં આવી છે. આ બનાવની તપાસ ચલાવાઈ રહી છે.

## મજેવડી દરવાજા તોફાનકાંડના વધુ ૪ આરોપીની ધરપકડ કરતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં જુન-૨૦૨૩ મહિનામાં મજેવડી દરગાહ પ્રકરણમાં પોલીસે વધુ ૪ આરોપીની ધરપકડ કરી છે. મજેવડી દરવાજા પાસે આવેલી દરગાહને દુર ખસેડવા મામલે જૂનાગઢ મનપા દ્વારા નોટીસ પાઠવવામાં આવી હતી. જેના પગલે લઘુમતી સમાજના લોકો એકત્રીત થયા હતા. અને પોલીસ સાથે ઘર્ષણ થયું હતું જેના પગલે પોલીસે સ્થળ ઉપરથી કુલ ૨૪ જેટલ ઈસમોને રાઉન્ડ અપ કરી તપાસ કરી અને કુલ ૧૫૨ આરોપીઓની અટક કરવામાં આવી હતી. તેમજ નામજોગ કુલ બાવન આરોપીઓ તથા અજાણ્યા આશરે ૩૦૦થી ૩૫૦ જેટલા આરોપીઓ સંડોવાયેલા હોય જેને પકડવાના બાકી હોય તેમાં હાલ સાહીલ ગફારભાઈ સમાર રહે.ખામધ્રોળ રોડ, સફીક રફીકભાઈ ઠેબા રહે.ખામધ્રોળ રોડ, સકીલ ઉર્ફે ગેગાણી સુલેમાનભાઈ સમા રહે સુખનાથ ચોક અને જુમ્મા કાળુભાઈ સુમરા રહે. સુખનાથ ચોકની જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે શોધી કાઢી ધરપકડ કરી છે.

### ગીર સોમનાથ જીલ્લાના પબ્લીક ટ્રસ્ટી માટે માર્ગદર્શન સેમિનાર

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩

વેરાવળની એજ્યુકેશન સોસાયટી ખાતે ગીર સોમનાથ જીલ્લાનાં પબ્લીક ટ્રસ્ટો માટે આવકવેરા કમીશ્નર કચેરી અમદાવાદ આયોજીત માર્ગદર્શન સેમિનાર તા.૫-૨-૨૦૨૪ ને સોમવારના રોજ બપોરે ૩ થી ૪-૩૦ સુધી યોજેલ છે.

## બિલખામાં આવેલી સીટી સર્વેની બંધ પડેલી કચેરી પુનઃ ચાલું કરવા ઉપસરપંચ સોયબભાઈની રજુઆત

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૩

બિલખામાં ઘણા વર્ષોથી સીટી સર્વેની કચેરી આવેલી છે અને દર શુક્રવારે વેંચાણ વારસાઈ નોંધ તેમજ રીમાન્ડ કેસોના નીકાલની કામગીરી કરવામાં આવતી હતી. પણ તંત્રની બેદરકારીના કારણે છેલ્લા ઘણા સમયથી આ ધમધમતી કચેરીને જાણે કે તાળા લાગી ગયા હોય એમ મેન્ટેનન્સ સર્વેયર આવતા નથી જેના કારણે બિલખાના ગ્રામજનોના અનેક કામો અધ્ધરતાલ લટકી રહ્યા હોય લોકોમાં રોષની લાગણી જોવા મળે છે. જેના અનુસંધાને બિલખાના ઉપસરપંચ સોયેબભાઈ ચોટલીયા અને ગ્રામજનો દ્વારા સેટલમેન્ટ કમિશ્નર ગાંધીનગર અને સુપ્રીન્ટેન્ડેન્ટને તાત્કાલીક અસરથી બિલખાની સીટી સર્વેની કચેરી પુનઃ શરૂ કરવા રજુઆત કરેલ છે. જેથી ઘણા સમયથી પેન્ડીંગ પડેલા કામોના નિકાલ થાય. તંત્ર દ્વારા બિલખાની ધમધમતી ઓફિસ બંધ કરવાની પણ જોવા મળે છે. જો તાત્કાલીક અસરથી બિલખાની સીટી સર્વેની કચેરીમાં રાબેતા મુજબ કામગીરી શરૂ કરવામાં નહી આવે તો ગ્રામજનો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન હાથ ધરવામાં આવશે એવી ચિમકી પણ આપવામાં આવેલ છે.

## માંગરોળ તાલુકાના શેપા ગામના તળાવની ખનીજચોરી તેમજ યુવાનના મૃત્યું અંગે આવેદન અપાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩

માંગરોળ તાલુકાના શેપા ગામના તળાવમાં લાખો ટનની ખનીજચોરી તેમજ ખનીજ ભરેલા ટ્રેક્ટર દ્વારા બેરહેમીથી કચડી નાંખવામાં આવેલા યુવાનના મૃત્યું પ્રકરણમાં બે ગામના ગ્રામજનોએ મામલતદારને વધુ એક આવેદન પાઠવી કાર્યવાહીની માંગ કરી છે. શેપા તથા હુસેનાબાદના ગ્રામજનોએ તંત્રની મીઠી નજર હેઠળ શેપા ગામના તળાવમાં ગેરકાયદેસર રીતે બેરોકટોક ખનીજચોરી થતી હોવાનું જણાવી તાજેતરમાં ખનીજ ભરેલા એક ટ્રેક્ટરે ગામના ૪૫ વર્ષના યુવાન મોહંમદભાઈ હસનભાઈ વરામને ઈરાદાપૂર્વક કચડી માનવવધ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. આ ઘટના બાદ ડ્રાઈવર નાસી છૂટયો હોય, પોલીસ દ્વારા ઓળખ અને તપાસ બાદ સંતોષકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હોવાનું જણાવ્યું છે. વધુમાં બનાવ સંબંધે સીસીટીવી ફૂટેજની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો કરોડોની ખનીજચોરી અને યુવાનના મૃત્યુની ઘટનાના રહસ્ય ઉપરથી પડદો ઊંચકાય તેમ હોવાનું ઉમેર્યુ છે. અગાઉ આ બાબતે કરવામાં આવેલી રજૂઆત બાદ જૂનાગઢ ખનીજ શાખામાંથી તપાસ માટે આવેલા અધિકારી દ્વારા સ્થળ તપાસને બદલે રાત્રીના અંધારામાં ગ્રામ પંચાયતમાં બેસી રોજકામ કરી,



આંખો મામલો રફેદફે કરી દેવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ આક્ષેપ કરાયો છે. ત્યારે તમામ બાબતો ધ્યાનમાં લઈ યોગ્ય કાર્યવાહી આને કાનુની પગલાં ભરવા માંગ કરી છે.

## ભવનાથ વિસ્તારમાં લારી રાખવા બાતે મારામારી : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ નજીક ભવનાથ વિસ્તારમાં રોપવે પાસે આવેલ પાર્કિંગની જગ્યામાં બનેલા બનાવમાં નાળીયેરના વેપાર માટે લારી રાખવા બાબતે મારામારી થઈ છે. જેમાં સામસામી ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે ભવનાથ પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે સુભાષનગર સુવાડીયા વાડી ખાતે રહેતા શબ્બીરભાઈ સલીમભાઈ ઠેબા(ઉ.વ.૨૧)એ દિલાવરશા રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ લીલા નાળીયેરના વેપાર અર્થે લારી રાખવા બાબતે ફરિયાદીને ભુંડી ગાળો કાઢી ઢીકાપાટુનો માર મારી નાળીયેર કાપવાની લોખંડની આરી વડે ડાબા હાથની હથેળીના ભાગે ઈજા કરી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. જયારે આ બનાવમાં સામા પક્ષે દિલાવરશા ઈકબાલશા બાનવા(ઉ.વ.૪૦) રહે.અજંટા ટોકીઝ પાસે, માત્રી રોડ, કુંભારવાડા વાળાએ શબ્બીર ઉર્ફે ફુગો સલીમભાઈ ઠેબા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદી ત્રોફા વેંચતો હતો ત્યાં જઈ કહેલ કે તું મને પૈસા આપ જેથી ફરિયાદીએ કહેલ કે મારી પાસે પૈસા નથી અને હજુ વેપાર થયેલ નથી. જેથી આ કામના આરોપીએ ફરિયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢતા ફરિયાદીએ ગાળો આપવાની ના પાડતા આ કામના આરોપીએ તેના નેફામાંથી છરી કાઢી ફરિયાદીને ડાબા હાથમાં કોણી તથા વચ્ચેની આગળીમાં તથા પોચામાં મારી અને પેટના ભાગે સામાન્ય ચરકો કરી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જીલ્લા મેજી. જૂનાગઢનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી કાર્યવાહી કરેલ છે. આ બનાવની વધુ તપાસ ભવનાથ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.આર. બામરોટીયા ચલાવી રહ્યા છે.

## કેશોદના આરટીઆઈ એકટીવીસ્ટને ફોન ઉપર ગાળો દઈ ગુપ્તાંગ કાપી નાખવાની ધમકી આપવા અંગે સુરેન્દ્રનગરના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

કેશોદના આરટીઆઈ એકટીવીસ્ટને ફોન ઉપર ગાળો દઈ ગુપ્તાંગ કાપી નાખવા અંગેની ધમકી આપવા અંગે સુરેન્દ્રનગરના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સામે કેશોદ પોલીસમાં ફરિયાદ નોંધાતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, કેશોદમાં દવે શેરી, સુતાર વાવ ખાતે રહેતા અલ્પેશભાઈ ચંદુભાઈ ત્રાંબડીયા (ઉ.વ.૪૫)એ દર્શનાબેન ભગલાણી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર વાળા વિરૂધ્ધ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવે છે કે, આ કામના ફરિયાદી પોતે આરટીઆઈ એકટીવીસ્ટ હોય અને તેઓએ સુરેન્દ્રનગર જીલ્લાના કલેકટર અને અધિક કલેકટરની અલગ-અલગ વિષયો ઉપર માહિતી માંગતા જે માહિતી મળ્યા બાદ ફરિયાદી દ્વારા સામાન્ય વહિવટ વિભાગમાં સરકારી વાહનના દુર ઉપયોગની ફરિયાદ પણ કરવામાં આવેલ છે જે બાબતે સામાન્ય વહિવટ વિભાગ ગાંધીનગર દ્વારા આજદિન સુધી ફરિયાદીને જવાબ આપેલ ન હોય જેથી ફરિયાદી દ્વારા આ અધિક કલેકટર સુરેન્દ્રનગરની હોદા જોગ મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં રજુઆત કરેલ હોય જે બાબતેનું મનદુઃખ રાખી ઉપર જણાવેલ તારીખ અને સમયએ આ કામના સામાવાળએ ફરિયાદીને ફોન કરી ભુંડી ગાળો આપી ગુપ્તાંગ કાપી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા કેશોદ પોલીસે આઈપીસી ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ કેશોદના પીઆઈ બી.બી. કોળી ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાં ઘરમાં પૈસા આપવા બાબતે પત્નિ અને પુત્રને માર માર્યો : ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં મધુરમ નાગરિક બેંક સોસાયટી, બ્લોક નં-૪૨માં રહેતા રાણીબેન રાજુભાઈ હુંબલ(ઉ.વ.૫૫)એ તેમના પતિ રાજુભાઈ સામતભાઈ હુંબલ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપી જે તેના પતિ થતા હોય તેમને ઘરમાં પૈસા આપવા બાબતે અને ઘરમાં ધ્યાન આપવા બાબતે કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા તેના દિકરા અલ્પેશભાઈને ગાળો આપી અને લોખંડના પાઈપ વડે ફરિયાદીને જમણા હાથમાં મારી તથા ઢીકાપાટુનો માર મારી તથા અલ્પેશભાઈને પણ લોખંડના પાઈપ વડે પગમાં તથા હાથમાં માર મારી ફરિયાદીને જમણા હાથમાં ફેકચર કરી ફરિયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી અધીક જીલ્લા મેજી.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. આહિર ચલાવી રહ્યા છે.

## ફેસબુક ઉપર વેરાવળની પરણીતાનું ડમી આઈ.ડી બનાવી પજવણી કરતાં જામનગરના શખ્સને સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩

સોશ્યલ મીડિયા ફેસબુક ઉપર ઓળખ છુપાવી વેરાવળની પરણીતાનું ફેક આઈ.ડી. બનાવી પજવણી કરતાં જામનગરના શખ્સને જીલ્લા સાયબર ક્રાઈમ ટીમે ટેકનીકલ સર્વેલન્સના આધારે પકડી ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર ગીર સોમનાથ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ ટીમને વેરાવળના શીવજી નગર વિસ્તારમાં આઝાદ સોસાયટીમાં રહેતા હિતેષ દુર્લભદાસ જીમુલીયાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પત્ની માધવીબેન જીમૂલીયાના નામે ફેસબુક સોશ્યલ મીડીયા ઉપર "Madhavi T" વાળી ખોટી આઈ.ડી. બનાવી તે આઈ.ડી.માંથી તેમના મિત્રો તેમજ સગા-સબંધીને રિકવેસ્ટ મોકલી આઈ.ડી.માં ફોલોવર્સ બનાવી તથા ફેમિલી ફોટા અપલોડ કરી તેમજ મેસેજ કરી કોઈ અજાણ્યો શખ્સ પોતાની ઓળખ છુપાવી મારી પત્ની માધવીને હેરાન પરેશાન કરવા અને સમાજમાં બદનામી થાય તેવું કૃત્ય કરી રહ્યો હતો. ગીર સોમનાથ સાયબર ક્રાઈમ પોલીસને ફરિયાદ મળતા જ સોમનાથ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ આર.એચ.મારૂ તથા પો.કોન્સ. રાહુલસિંહ નકુમ, જયેશ ગોહેલ, પિયુષસિંહ ઝાલા તથા સાયબર ક્રાઈમ પો.સ્ટે. સ્ટાફ દ્વારા ટેકનીકલ સર્વેલન્સના આધારે માહિતી એકઠી કરી ફરીયાદીની પત્નીના નામનું આઈ.ડી. બનાવનાર આરોપી કીર્તિકુમાર મણિલાલ પટેલ રહે.જામનગર વાળાને પકડી પાડી સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગીર સોમનાથ ખાતે ગુન્હો ડિટેક્ટ કરેલ છે. હાલ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ આઈ. ટી. એકટની કલમ ૬૬(c) અને ૬૬(d) મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દેવભૂમિ દ્વારકા કલેકટર તરીકે પદભાર સંભાળતાં જી.ટી.



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેક્ટર તરીકે આજે જી.ટી.પંડ્યાએ ચાર્જ સંભાળ્યો છે. જી.ટી.પંડ્યાની મોરબીથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેકટર તરીકે બદલી થઈ છે. સૌ અધિકારીગણ, કર્મચારીગણ અને મુલાકાતીઓએ નવનિયુક્ત કલેકટરને મળીને શુભેચ્છાઓ પાઠવી હતી અને જિલ્લા વિશે પ્રાથમિક રીતે અવગત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા ખાતે કલેકટર તરીકે કાર્યરત અશોક શર્માને એસ.ટી.નિગમના વાઈસ ચેરમેન તરીકેની જવાબદારી સોંપાતા આજે નવનિયુક્ત કલેકટર જી.ટી.પંડ્યાએ ચાર્જ સંભાળ્યો છે.

## જૂનાગઢમાં વ્યસન મુક્તિ માર્ગદર્શન તથા વ્યસનથી થતા આર્થીક તેમજ શારીરિક નુકસાન વિશે સેમિનારનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

વિશ્વ કેન્સર દિવસની ઉજવણીના ભાગરૂપે તા.૬ ફેબ્રુઆરીના રોજ નિસર્ગ નેચર કલબ, જૂનાગઢ, ઈનર વ્હિલ કલબ, જૂનાગઢ તથા નશાબંધી અને આબકારી ખાતું જૂનાગઢના સયુંકત ઉપક્રમે વ્યસન મુક્તિ માર્ગદર્શન તથા વ્યસનથી થતા આર્થીક તેમજ શારીરિક નુકસાન વિશે સેમિનારનું આયોજન કરાયું છે. તેમજ કેન્સર અવેરનેસ તથા જૂનાગઢના જાણીતા અને નિષ્ણાંત દાંતના સર્જન ડો.પાર્થ ગણાત્રા દ્વારા વિના મૂલ્યે ડેન્ટલ ચેકઅપ કેમ્પનું સરગવાડા પ્રાથમિક શાળામાં સવારે ૧૧ વાગ્યાથી આયોજન કરવામાં આવ્યું છે તેમ ડો.પાર્થ ગણાત્રા પ્રમુખ - નિસર્ગ નેચર કલબ,જૂનાગઢ, દિપ્તીબેન અમરોલીયા પ્રમુખ- ઈનર વ્હીલ કલબ, જૂનાગઢ, બલભદ્રસિંહ પી. જાડેજા અધિક્ષક- નશાબંધી અને આબકારી જૂનાગઢ, નિસર્ગ નેચર કલબના અલ્પાબેન ઉનડકટની યાદીમાં જણાવ્યું છે.

ગુજરાત સરકાર

ગુજરાત બજેટ 2024-2025

# વિકસિત ગુજરાત @2047નું

## નિર્માણ કરવા માટેનો રોડમેપ નક્કી કરતું

# ₹૩,૩૨,૪૬૫ કરોડનું બજેટ

**અમૃતકાળમાં ગુજરાતના વિશ્વસ્તરીય વિકાસનો અમૃતપથ કંડારનારું બજેટ**




**ગરવું ગુજરાત**
**ગુણવંતુ ગુજરાત**
**ગ્રીન ગુજરાત**
**ગ્લોબલ ગુજરાત**
**ગતિશીલ ગુજરાત**

**સમાજના ચાર વર્ગો-જ્ઞાન**

એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ પર સવિશેષ ભાર



પોષણ-આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાના હોલિસ્ટિક એપ્રોચ સાથે ત્રણ નવી યોજનાઓ

## નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, નમો શ્રી યોજના

ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા **નમો સરસ્વતી યોજના** હેઠળ **₹૪૦૦ કરોડ**ની જોગવાઇ

સરકારી-બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભણતી દિકરીઓ માટે **નમો લક્ષ્મી યોજના** હેઠળ **₹૧૨૫૦ કરોડ**ની જોગવાઇ

સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને વધારે સુદ્રઢ કરી તેમને સક્ષમ બનાવવા **નમો શ્રી યોજના** હેઠળ **₹૭૫૦ કરોડ**ની જોગવાઇ

**વિશ્વનો સૌથી લાંબો ૩૮ કિલોમીટરનો** સળંગ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ-ગાંધીનગર ગિફ્ટ સિટીની ટ્રાયસિટી તરીકે આગવી ઓળખનું બનશે સીમાચિન્હ

સુઆયોજિત શહેરી વ્યવસ્થાપન માટે **નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર/વઢવાણને** નગરપાલિકામાંથી રૂપાંતર કરી **૭ મહાનગરપાલિકાનો દરજ્જો** આપવામાં આવશે

સ્વચ્છતા માટેના જનઆંદોલનને ગુજરાતમાં વેગ આપવા **નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન** માટે **₹૨૫૦૦ કરોડ**ની જોગવાઈ

બાલ્યકાળથી જીવનની દરેક અવસ્થાને પોષણક્ષમ આહાર મળે તે હેતુથી પોષણલક્ષી યોજનાઓમાં લાભાર્થીઓનો વ્યાપ વધારવા **સુપોષિત ગુજરાત મિશનની** જાહેરાતઃ બાળકો, કિશોરીઓ અને મહિલાઓનું પોષણ થશે સુનિશ્ચિત

આદિજાતિ વિકાસ માટે **₹૪૩૭૪ કરોડ**ની જોગવાઇ
આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ અને ઇ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે **₹૭૩૫ કરોડ**ની જોગવાઇ

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે **₹૩૧૧૦ કરોડ**ની જોગવાઇ

NFSA રેશનકાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પુરો પાડવા તુવેરદાળ અને ચણાના વિતરણ માટે **₹૭૬૭ કરોડ**ની જોગવાઇ

ખેડૂતોને ડ્રિપ અને સ્પ્રીંકલર સિસ્ટમ વસાવવા માટે સહાય આપવા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની હેઠળ **₹૨૫૦૦ કરોડ**ની જોગવાઇ

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને આત્મનિર્ભર ગુજરાત નીતિ અંતર્ગત પ્રોત્સાહન માટે **₹૧૫૫૦ કરોડ**ની જોગવાઇ

સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારમાં માળખાકીય સગવડો માટે **₹૮૬૩૪** કરોડની જોગવાઈ

સોલર રૂફટોપ યોજના અંતર્ગત ગ્રાહકોને સહાય આપવા માટે **₹૯૯૩ કરોડ**ની જોગવાઇ

રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા **₹૧૩૯૮ કરોડ**ની જોગવાઇ



વિકસિત ભારત @ ૨૦૪૭ માટે ગુજરાતની દિશા નક્કી કરી, રાજ્યના ૭ કરોડ ગુજરાતીઓના સ્વપ્નો અને આકાંક્ષાઓને મૂર્તિમંત કરવા, વિકસિત ગુજરાત @ ૨૦૪૭ નો રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે. વિકાસયાત્રાના પ્રણેતા અને ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત@૨૦૪૭ નું આહવાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં, ગુજરાત અગત્યનો ફાળો ભજવી, દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકારનું ધ્યેય છે.

**શ્રી કનુભાઈ દેસાઈ,** નાણામંત્રી

CMYK CMYK CMYK